


₹ ૨૦/-

## કર્મનો નિયમ

# પ્રભુ અર્પણ

ડિસેમ્બર - ૨૦૨૧

(શ્રી અરવિન્દ અને શ્રી માતાજીની શબ્દસુધા)

# Matter shall reveal the Spirit's face

*Sri Aurobindo*

ભગવાનની આ જે અવર્ણનીય વિનમ્રતા છે તેનો સૌથી મહાન વિજયોમાંનો એક હશે જડતત્ત્વનું રૂપાંતર, જે દેખીતી રીતે અદિવ્ય જણાય છે તે જડતત્ત્વ જ્યારે અંતે રૂપાંતર પામશે ત્યારે તેનો એક ગુણ હશે અતિમાનસિક નમનીયતા. જે અતિમાનસિક દેહ અહીં સત્‌તા ધારણ કરતો થવાનો છે તેનાં ચાર મુખ્ય લક્ષણો છે : હળવાપણું (લાઘવ), રૂપાંતરક્ષમતા, નમનીયતા અને પ્રકાશમયતા. જ્યારે ભૌતિક દેહ પૂર્ણપણે દિવ્યત્વને પામે છે ત્યારે તેને લાગે છે કે જાણે તે સદાય હવામાં ચાલતો હોય. એમાં તમસ્ કે અચેતનતા નહિ હોય.

(શ્રી માતૃવાણી ગ્રંથ : ૩ : પૃ. ૧૮૯-૧૯૦)

અંતરાત્મા એ કર્મના હાથમાં રમકડું છે એવો ખ્યાલ બાંધી શકાય નહિ; આ જન્મમાં એ પોતાના અગાઉના જન્મોના કર્મનો ગુલામ છે એવી કલ્પના કરી શકાય નહિ; આ બાબતે વાસ્તવિકતા આનાથી ઓછી કઠોર અને વધુ લવચીક હોવી જોઈએ. ભૂતકાળનાં કર્મોનાં અમુક પરિણામો જો વર્તમાન જીવનમાં સ્પષ્ટપણે વ્યક્ત થતાં હોય છે તો એ ચૈત્યપુરુષની સંમતિથી જ થતું હોય છે. કારણ કે ચૈત્યપુરુષ જ પૃથ્વી પરના જીવનના અનુભવ માટે નૂતન જીવનનું નિયમન કરતો હોય છે અને એ ચૈત્યપુરુષ જે કંઈ સંમતિ આપે છે તે બાહ્ય અને ફરજીયાત એવી પ્રક્રિયાને અનુસરીને નહિ પરંતુ એક ગૂઢ એવા સંકલ્પ તેમ જ માર્ગદર્શનને અનુસરીને આપતો હોય છે. એ ગૂઢ સંકલ્પ યાંત્રિક નહિ પરંતુ આધ્યાત્મિક હોય છે....

**શ્રી અરવિન્દ**

(SABCL : 22 : 475)

# પ્રભુ અર્પણ

**(આધ્યાત્મિક વિકાસ, એ જ આપણા પૃથ્વી પરના જીવનનો ખરો હેતુ છે.)**

## શ્રી અરવિન્દ સોસાયટી, વડોદરા.

ડિસેમ્બર – ૨૦૨૧ વર્ષ : ૦૭ અંક : ૧૨

# અનુક્રમ

## કર્મનો નિયમ



| | |
|---|---|
| કર્મનો નિયમ છે શું? | ૦૬ |
| કર્મના નિયમનો હેતુ | ૧૮ |
| પરંપરાગત કર્મના નિયમની આલોચના | ૨૧ |
| કર્મના નિયમમાંથી મુક્તિ | ૨૬ |
| કર્મના નિયમ પાછળ રહેલું મહત્તર સત્ય | ૩૩ |

*

| | |
|---|---|
| વૃત્ત વિશેષ | ૩૭ |


**તંત્રીનોંધ :** 'કર્મનો નિયમ' ભારતીય વિચારનાં અનેક પાસાંઓમાનું એક બહુ જ આકર્ષક એવું પાસું છે. કર્મનો નિયમ જીવનની ઘણી સમજાવી ન શકાય એવી વિસંગતતાઓને સમજવા માટે જ હોવા છતાં આ નિયમ જાતે જ એક કોયડો છે. જેની ગહનતર સમજ કેળવવી જરૂરી છે. કર્મના નિયમનું ગહનતર અને સૂક્ષ્મ પાસું આપણને શ્રી અરવિન્દ અને શ્રી માતાજીના અનુભવસિદ્ધ જ્ઞાનમાં મળી રહે છે. કર્મની રીતરસમોના અણઉકલ્યા કોયડાના ઉત્તરો શ્રી અરવિન્દ અને શ્રી માતાજીએ આપ્યા છે. કર્મના નિયમનો ગહન હેતુ અને એનું આધ્યાત્મિક સાંકેતિક મહત્ત્વ પણ તેમણે સમજાવ્યું છે. આપણી ઉત્ક્રાંતિમાં કર્મનો નિયમ જે ભાગ ભજવે છે એની સમજ પણ શ્રી અરવિન્દ અને શ્રી માતાજીએ આપી છે. કર્મ એ ન્યાયનો યંત્રવત નિયમ માત્ર નથી. એ છે જ્ઞાન જે આપણને આપણો આત્મા ઇચ્છે એ રીતનો વિકાસ સિદ્ધ કરવામાં આપણી સહાય કરે છે.

***



ઓચિંતું કો ચમત્કારી ઉચ્ચાલન મળી જતું,
જે આચ્છન્ન અનિર્વાચ્ય
કેરો અકાળ સંકલ્પ ગતિમાન બનાવતું:
એકાદ પ્રાર્થના, શ્રેષ્ઠ ક્રિયા, રાજ-પ્રભાવી એક ભાવના
પારની શક્તિની સાથે માનવીના બળનો યોગ સાધતી
ચમત્કાર બની જાય પછી નિયમ નિત્યનો,
વસ્તુના ક્રમને દેતું પલટાવી એક કૃત્ય મહાબલી;
સર્વશક્તિ બની જાય એકમાત્ર વિચાર કો.

'સાવિત્રી' : પૃ. ૨૦ અનુઃ શ્રી પૂજાલાલ

# કર્મનો નિયમ છે શું?

પ્રવૃત્તિમાં પ્રયોજાયેલ સર્વ ઊર્જાઓ – વિચાર, વાણી, લાગણી વગેરે – ભેગી મળીને કર્મનું ગઠન કરે છે. આ સર્વ વસ્તુઓ – પ્રકૃતિને એક કે અન્ય દિશામાં વિકાસ સાધવામાં સહાય કરે છે. અને પ્રકૃતિ તથા એનાં કાર્યો અને પ્રતિકાર્યો એનાં આંતરિક તેમ જ બાહ્ય પરિણામો ઉત્પન્ન કરે છે. આ વસ્તુઓ બીજાઓ ઉપર પણ કાર્ય કરે છે અને બળોના સાર્વત્રિક સરવાળામાં હિલચાલો ઊભી કરે છે, જે હિલચાલો મોડી વહેલી પોતાની ઉપર જ પાછી ફરતી હોય છે. અભિવ્યક્ત ન થયેલા વિચારો પણ બળો રૂપે બહાર પ્રસરતા હોય છે અને એની અસર ઉત્પન્ન કરતા હોય છે. કોઈ વિચાર કે સંકલ્પ વાણી કે કર્મમાં અભિવ્યક્ત થાય ત્યારે જ માત્ર એની અસર થતી હોય છે એમ માનવું એ એક ભૂલ છેઃ અણઉચ્ચારાયેલ વિચાર, અવ્યક્ત સંકલ્પ પણ સક્રિય ઊર્જાઓ છે અને એ પોતાનાં આંદોલનો ઉત્પન્ન કરી શકે છે. પોતાની અસરો કે પ્રતિકાર્યો પણ ઉત્પન્ન કરી શકે છે.
(CWSA 28 : 520)

*

કર્મની અસરો પરત્વેનું બંધન વ્યક્તિ જ્યાં સુધી સામાન્ય માનવ ચેતનામાંથી બહાર નીકળી હોતી નથી ત્યાં સુધી રહે છે. માનવચેતના, જે છે કર્મનું ક્ષેત્ર, જેમાંથી વ્યક્તિ ઉચ્ચતર આધ્યાત્મિક ચેતનામાં પ્રયાણ કરતી હોય છે, જે ચેતનામાં બધાં બંધનો એકતામાં પરિણમતાં હોય છે. શાન્તિ બાબતે જણાવવાનું કે ઈશ્વર પર સમગ્ર નિર્ભરતા અને ઈશ્વરીય સંકલ્પને સમર્પણ દ્વારા એ પ્રાપ્ત કરી શકાય છે. (CWSA : 520)

*

જીવનમાં સર્વ પ્રકારની વસ્તુઓ પોતાની જાતને અર્પિત કરતી હોય છે. કોઈ પણ વસ્તુ 'એ ઈશ્વર દ્વારા મોકલવામાં આવી છે એવા ભાવ સાથે વ્યક્તિ કોઈ પણ વસ્તુને સ્વીકારી શકે નહિ. એમાં પસંદગીનું તત્ત્વ હોય છે અને ખોટી પસંદગી એનાં પરિણામો સાથે લઈ આવતી હોય છે. (CWSA 28 : 521)

*

કર્મ એ માત્ર એક વ્યવસ્થાતંત્ર છે, તે પૃથ્વી પરના અસ્તિત્વનું મૂળભૂત કારણ નથી, – હોઈ શકે નહિ, કારણ કે જ્યારે આત્માએ આ અસ્તિત્વની અંદર પ્રથમ પ્રવેશ કર્યો ત્યારે તેને કંઈ પણ કર્મ ન હતું. (CWSA 28 : 537)

*

બાહ્ય રૂપ માત્ર ઓગળતું હોય છે, સિવાય કે બાહ્ય રૂપ પણ સભાન બનાવાયેલું હોય ને દિવ્ય કેન્દ્ર આસપાસ એનું ગઠન થયેલું હોય. પણ ખરું મનોમય, ખરું પ્રાણમય અને ખરું સૂક્ષ્મ શારીરિક સ્વરૂપ પણ ટકી રહેતું હોય છે. આ જ સ્વરૂપ પાર્થિવ જીવનમાં પ્રાપ્ત

કરેલી સર્વ છાપ ટકાવી રાખતું હોય છે અને એ જ કર્મની સાંકળ રચતું હોય છે.

(CWM 15 : 124)

*

જો આપણે માનીએ કે આત્મા પુનઃ પુનઃ જન્મ લે છે તો આપણે એમ પણ માનવું જોઈએ કે આત્માના જે જન્મ પહેલાં થઈ ગયા અને જે જન્મ હવે પછી થવાના છે તે બેની વચ્ચે કંઈક સંધાન હોય છે. અને આત્માના ભૂતકાળની અસર તેના ભાવિ ઉપર થાય છે; આ છે કર્મના નિયમનું આધ્યાત્મિક તત્ત્વ.

*

## કર્મનો અર્થ

કર્મનો મૂળભૂત અર્થ એ છે કે આખું અસ્તિત્વ કોઈ વિશ્વશક્તિનું કાર્ય છે. એ શક્તિ સર્જન અને વિસર્જન કરે છે, પણ જે વિસર્જન કરે છે તે તો માત્ર કોઈ નવસર્જનના પગથિયા રૂપે. અહીં બધું જ એક સાંકળરૂપ છે અને એમાંની પ્રત્યેક કડી પૂર્વની અસંખ્ય કડીઓ સાથે અતૂટપણે સંકળાયેલી છે. બધું જ કાર્યકારણભાવના નિયત સંબંધ વડે જોડાયેલું છે. વર્તમાન કાર્ય ભૂતકાળના કાર્યનું પરિણામ છે અને ભાવિ કાર્ય વર્તમાન કાર્યનું પરિણામ હશે. સમસ્ત કારણ તેમ જ સમસ્ત કાર્ય વિશ્વશક્તિની કોઈ પ્રક્રિયા છે. નૈતિક બોધ એ જ છે કે આપણું સમગ્ર અસ્તિત્વ એ છે ઊર્જાનું પ્રસરણ, જે ઊર્જાને કારણ રૂપે પ્રકટ કરવામાં આવી હોય છે, જેથી એ જ ઊર્જા અસર રૂપે પાછી ફરે. આ છે વૈશ્વિક નિયમ. (CWSA 13 : 331-32)

*

આપણે બીજાં પ્રત્યે જે શક્તિ પ્રસારીએ છીએ તે સામાન્ય રીતે એક જ પ્રકારની નહિ પણ શારીરિક, પ્રાણમય, નૈતિક, માનસિક અને આધ્યાત્મિક શક્તિઓના મિશ્રણરૂપની હોય છે અને એનું પાછું ફરવું તેમ જ પરિણામ પણ મિશ્ર રૂપનું જ હોય છે. આપણે પ્રસારેલા શારીરિક કર્મ અને પ્રાણમય દબાણમાં શારીરિક અને પ્રાણમય શક્તિ ઉપરાંત માનસિક અથવા નૈતિક શક્તિ પણ રહેલી હોય છે અને એ આપણે સંકલ્પ્યું પણ ન હોય ને જાણતાં પણ ન હોઈએ એવું, સ્વરૂપ તેમ જ પ્રમાણ બંનેમાં તદ્દન જુદું અને અણધાર્યું જ પરિણામ આપણા પર તેમ જ બીજાઓ પર ઉપજાવે છે. આની તો આપણે ગણતરી કે પહેલાંથી એનો ખ્યાલ સુદ્ધાં કરી શકતાં નથી. એની ગણતરી નથી થઈ શકતી એનું કારણ એ છે કે આપણી મારફત કામ કરતી વિશ્વશક્તિ અતિશય અટપટી છે અને આપણી સંકલ્પશક્તિ તો એની અંદર માત્ર એક હથિયાર તરીકે જ રહેલી છે. અને એનું પુનરાગમન અથવા બદલો પણ નિમિત્ત ગમે તે થતાં હોય તો પણ એ જ અટપટી વિશ્વશક્તિનો છે. (પુસ્તિકા કર્મ : પૃ. ૪)

*

ભારતમાં ભાવિનો ખુલાસો કર્મના સિદ્ધાંતને આધારે કરવામાં આવે છે. આપણે આપણાં કર્મો દ્વારા આપણું જ ભાવિ ઘડીએ છીએ, છતાં આપણું ઘડેલું એ ભાવિ જ આપણને બંધનકર્તા બને છે; કારણ કે આપણે જે બીજ રોપ્યું હોય છે તેને આ જન્મમાં કે બીજા જન્મમાં લણવું પડે છે. છતાં અત્યારે આપણા ભૂતકાળે ઘડેલા ચાલુ વર્તમાન દરમ્યાન પાછું આપણે ભવિષ્યનું ભાવિ પણ ઘડીએ છીએ. એ રીતે આપણા સંકલ્પ અને કાર્યને એક દિશા મળે છે. કેટલાક યુરોપિયન ટીકાકારો કહે છે તેમ એમાં એક જડબેસલાક અને વંધ્ય નિયતિવાદનો આશ્રય જ રહેલો નથી. પરંતુ છતાં, આપણા સંકલ્પ અને આપણા કર્મ વડે ઘણીવાર આપણા ભૂતકાળના કર્મમાં ફેરફાર અથવા તેનો ધ્વંસ પણ થઈ શકે છે. એ તો કેવળ કેટલીક ઉગ્ર અસરો, જેને ઉત્કટ કર્મ કહેવાય તેમાં જ ફેરફાર થઈ શકતો નથી. કારણ કે આપણે જ્યારે દિવ્ય, વૈશ્વિક, પરાત્પર સંકલ્પ સાથે એકતા સાધીએ છીએ ત્યારે એવું બને છે કે તે સંકલ્પે અમુક પરિસ્થિતિ માટે જે વસ્તુ નિર્માણ કરી હોય છે તેને તે રદ કરીને પોતે કરેલા સર્જનનું પુનઃસર્જન કરે છે, પછી (કર્મની) સાંકડી રેખાઓ અદૃશ્ય થઈ જાય છે અને તેને સ્થાને એક વધુ સ્થિતિસ્થાપક સ્વાતંત્ર્ય અને વિશાળતા આવે છે. એટલે કર્મનો સિદ્ધાંત લો કે ફળજ્યોતિષ લો, બેમાંથી એકેય, કાયમને માટે અચલ એવા ભાવિનો નિર્દેશ કરતા નથી.

(ભાગ્ય અને સ્વતંત્ર સંકલ્પશક્તિ : પૃ. ૨૦)

*

## નસીબ અથવા સદ્‌ભાગ્ય

આપણે જેને નસીબ કે સદ્‌ભાગ્ય તરીકે ઓળખીએ છીએ તેનું આપણા જીવનમાં અલબત્ત, બહુ મોટું મૂળતત્ત્વ રહેલું હોય છે. જે તત્ત્વ આપણા પરિણામના પ્રયત્નને અટકાવે છે અથવા ઈનામ આપે છે. પ્રયત્નો કર્યા વગર અથવા ઊતરતી કક્ષાની ઊર્જાને તે વિજયી બનાવે છે. નિયતિનું આ બધું તરંગીપણું અને એનાં ગુપ્ત કારણો – નસીબનાં મૂળ બહુવિધ હોઈ શકે – આંશિક રીતે એને આપણા છુપાયેલ ભૂતકાળમાં નિઃશંક શોધવાં જોઈએ. પણ આટલું સરળ નિરાકરણ સ્વીકારી લેવું એ મુશ્કેલ છે કે અગાઉના જન્મના ભૂલાયેલાં સદાચારી કાર્યોના બદલામાં સારું નસીબ કે સદ્‌ભાગ્ય પ્રાપ્ત થાય છે; તથા આગળના જીવનમાં પાપ કે દુર્ગુણી કર્મોના બદલામાં કમનસીબી કે દુર્ભાગ્ય પ્રાપ્ત થાય છે. આપણેજો કોઈ સદ્‌ગુણી માણસને અહીં દુઃખી થતો જોઈએ તો એ માનવું આપણે માટે મુશ્કેલ બની રહે છે કે સદ્‌ગુણનો આ મૂર્તિમંત આદર્શ આગળના જન્મમાં એને દુષ્ટ માણસ ગણાતો હતો અને એના દુષ્ટ કર્મનું એને ફળ મળી રહ્યું છે. નૂતન જન્મ દ્વારા એના દૃષ્ટાંતરૂપ પરિવર્તન બાદ પણ, અગાઉ એણે કરેલા પાપકર્મને એને દુઃખરૂપે ભોગવવું જ પડે.... !!

(CWSA 22 : 843)

*

જીવનમાં જે વસ્તુઓનો આપણે સત્ય તરીકે સ્વીકાર કરતાં હોઈએ છીએ. એ ખરેખર તો એક નૈતિક પ્રકારની નિશ્ચિતતાઓ જ હોય છે... એમ માનવામાં આવે છે કે જગતના સંચાલન માટે નૈતિક શાસન હોવું જ જોઈએ. છેવટે કંઈ નહિ તો પુણ્યના બદલામાં પુરસ્કાર અને પાપના બદલામાં દંડની સજાની જોગવાઈ તો હોવી જ જોઈએ.

....એમ પણ માનવામાં આવતું કે આપણે આપણા આગળના જન્મોમાં કરેલા પાપોને લઈને દુઃખી થઈએ છીએ અને આ જન્મમાં કરેલાં પુણ્યોનું ફળ આપણને આવતા જન્મમાં મળશે. અને આમ અનંતકાળ સુધી ચાલ્યા જ કરશે! પણ દાર્શનિકોને આ પાપ-પુણ્યનો ધંધો છેવટે માફક ના આવ્યો અને એના ઉપાય તરીકે, પાપ-પુણ્યમાંથી છૂટવા માટે અને માનવજાતિના અંતિમ ભલા માટે આમ વિચિત્ર રીતે ચલાવવામાં આવતા જગતમાંથી નાસી છૂટવાનો જે પ્રસ્તાવ એમણે રજૂ કર્યો છે એ આશ્ચર્યકારક તો નથી જ.

પુનર્જન્મ અંગેનો આ પુરસ્કાર અને દંડનો સિદ્ધાંત જો થોડો ઉદાત્ત રીતે રજૂ કરવામાં આવે અથવા તો ઓછી અણઘડ રીતે ઉત્તેજનાપૂર્ણ બતાવવામાં આવે તો પણ એ પ્રભાવહીન જ રહે છે. અને આ સિદ્ધાંત પ્રભાવહીન રહે એ સારું પણ છે. કારણ કે દિવ્ય સામર્થ્યવાળો પુરૂષ પુરસ્કારના લોભથી પુણ્યાત્મા જ બની રહે અને ભયને કારણે પાપ કરતો અટકે એ વાત જ અસહ્ય છે. સ્વાર્થી, કાયર અને ઈશ્વર સાથે સોદાબાજી કરતા નિર્બળ માણસ બનવું એના કરતાં સબળ પાપી બનવું વધારે સારું છે. એ સબળ પાપીમાં દિવ્યતા વધુ હોય છે અને ઉપર ઊઠવાની ક્ષમતા પણ વધુ હોય છે. ગીતાએ યથાર્થ જ કહ્યું છે કે 'कृपण: फलहेतव:' આ વિશાળ અને તેજસ્વી જગતની રચના આવા ક્ષુદ્ર અને હલકા હેતુઓ પર આધારિત હોય એ અકલ્પનીય છે. આ પુરસ્કાર અને દંડના સિદ્ધાંત પાછળ જો કોઈ તર્ક રહેલો હોય તો એ શિશુ અવસ્થાનો નાદાનિયત ભરેલો તર્ક છે. એની પાછળ જો કોઈ સદાચાર નીતિ રહેલી હોય તો એ કીચડની સદાચાર નીતિ છે, ખરડાયેલી સદાચાર નીતિ. (SABCL : 16 : 84-85)

*

**એ લખી રાખો કે પુણ્યનું ઈનામ કે પાપની શિક્ષા તરીકે પુનર્જન્મ તથા નવા જન્મની પરિસ્થિતિ માણસને મળે છે એવી માન્યતા એ માણસનો 'ન્યાય' વિશેનો અણઘડ વિચાર માત્ર છે,** જે તદ્દન અતાત્ત્વિક અને બિન આધ્યાત્મિક છે અને જીવનનો જે સાચો હેતુ છે એને તે વિકૃત કરી નાખે છે. પૃથ્વી પરનું જીવન એક ઉત્ક્રાંતિ છે અને આત્મા અનુભવ દ્વારા વૃદ્ધિ પામતો રહે છે. અને એ અનુભવ દ્વારા પ્રકૃતિમાં જુદી જુદી વસ્તુઓને સિદ્ધ કરતો રહે છે; માણસના જીવનમાં જો દુઃખ આવે છે તો તે આ રીતે કાર્યને સિદ્ધ કરવાને માટે આવતું હોય છે. અવિદ્યામાં રહેનાર માણસ ભૂલો કરે કે ઠોકરો ખાય એ એનું અનિવાર્ય પરિણામ છે પરંતુ એને માટે પ્રભુ અથવા તો વૈશ્વિક કાયદો સજા રૂપે દુઃખ આપે છે એવું નથી. (વ્યવહારુ માર્ગદર્શન ભાગ-૨, પૃ. ૭૧)

*

## સજજનો પર દુઃખ શા માટે?

પોતાના સચેતન આત્મશક્તિરૂપના વધુ ઊંડા સ્વરૂપમાં પ્રકૃતિને અંતરાત્માઓના અનુભવ દ્વારા થતી વૃદ્ધિ અને આધ્યાત્મિક વિકાસ સાથે લેવાદેવા છે, — અને આની અંદર એ અંતરાત્માઓની પોતાની મરજીને પણ સ્થાન છે. બધા નવાઈ પામે છે કે સજજનો પર શા માટે નિરર્થક દુઃખો અને દુર્ભાગ્યો આવી પડતાં હશે. પણ શું ખરેખર કોઈ બહારની શક્તિ વડે અથવા કર્મના યાંત્રિક નિયમ વડે એ બધું તેમના પર ધકેલવામાં આવે છે? શું એ શક્ય નથી કે અંતરાત્માએ પોતે જ, — બાહ્ય મને નહિ પણ અંદરના આત્માએ જ, — જરૂરી અનુભવો દ્વારા પોતાનો વિકાસ ઝડપથી કરવા માટે આ દુઃખાદિ વસ્તુઓને સ્વીકારી અને પસંદ કરી હોય? પછી ભલે એના વડે બહારના જીવન અને શરીરને ખૂબ જ નુકસાન થવાના રૂપની કિંમત ચૂકવવી પડે અથવા જોખમ ખેડવું પડે તો પણ શું? વિકસી રહેલા અંતરાત્માને માટે મુશ્કેલીઓ, અંતરાયો અને આક્રમણો પોતાની વૃદ્ધિ, બળ, અનુભવ અને આધ્યાત્મિક વિજય માટેની તાલીમ અર્થેનાં સાધનો નહિ હોય? વસ્તુઓની વ્યવસ્થા એ રીતની જ થઈ હોય અને એમાં રૂપિયા-આના-પાઈના રૂપની બક્ષિસો તથા દંડના રૂપનાં દુર્ભાગ્યોનો જ માત્ર સવાલ નહિ હોય.

(પુસ્તિકા કર્મ : પૃ. ૨૪-૨૫)

*

ભાવિ, (નિયતિ) એ સરળ વસ્તુ નથી, એ જટિલ વસ્તુ છે, જે નિયતિ આપણા શારીરિક સ્વરૂપને બંધનકર્તા છે, એ ત્યાં સુધી અને તેટલી માત્રામાં એ સ્વરૂપને બાંધી રાખે છે જ્યાં સુધી મહત્તર નિયમ એમાં હસ્તક્ષેપ કરતો નથી. આપણાં કર્મો આપણા સ્વરૂપના શારીરિક અંગોમાંથી ઉદ્‌ભવે છે. એ છે આપણા સ્વરૂપનું શારીરિક પ્રકટીકરણ. પરંતુ આપણા બાહ્ય સ્વરૂપની પૂઠળે એક સ્વતંત્ર એવી જીવન-શક્તિ, મુક્ત મનની શક્તિ આવેલી હોય છે, જેની જુદા પ્રકારની શક્તિ હોય છે અને તે જુદું ભાવિ નિર્માણ કરી શકે છે, તથા પ્રાથમિક નિયતિમાં એ સુધારો કરી શકે છે; અને જ્યારે આત્મા ને આંતર સ્વરૂપ અભિવ્યક્ત થાય છે, આપણે જ્યારે સભાનપણે આધ્યાત્મિક સ્વરૂપ બની રહીએ છીએ ત્યારે આપણું એ પરિવર્તન આપણી શારીરિક નિયતિને રદબાતલ કરી શકે છે કે પૂરેપૂરી રીતે બદલી નાખી શકે છે. (SABCL : 19 : 809)

*

## કર્મ અને સ્વતંત્રતા

ભૌતિક વિશ્વની જેમ જ માનસિક અને નૈતિક જગતમાં પણ અવ્યવસ્થિતતા, યદચ્છાનું ઢંગધડા વિનાનું શાસન અથવા કેવળ સંભવિતતા નથી પણ કોઈ વ્યવસ્થિત શક્તિ કામ કરી રહી છે અને નિયમ, નિશ્ચિત સંબંધ તથા સ્થિર ક્રમ વડે કાર્ય-કારણની પરંપરાથી પોતાની ઇચ્છા પ્રવર્તાવે છે. વળી પાર્થિવની જેમ જ માનસિક અને નૈતિક

જગતમાં પણ યોગ્ય જમીનમાં હું જેવું વાવું તેવું જરૂર લણું છું. આ બાબત અરાજકતાને દૂર કરીને કોઈ વધારે મોટી સ્વતંત્રતાનો માર્ગ ખુલ્લો કરે છે. પણ તેમાં એક શક્યતા તો રહે જ છે કે જો આ શક્તિ જ માત્ર સર્વેસર્વ હોય તો પછી હું કોઈ સત્તાશીલ બળનું જ એક સર્જન હોઉં અને મારાં બધાં કર્મો માત્ર કોઈ દુર્ધર્ષ નિયતિની શૃંખલા જ બની જાય. એ દૃષ્ટિ તો બધી વસ્તુને કર્મની પૂર્વનિર્ણીતતામાં ફેરવી નાખે છે અને હું તો કર્મનો ગુલામ અને પૂતળું જ બની જાઉં છું.

પણ અહીં કર્મની કલ્પનાનું બીજું પગથિયું પ્રતીત થાય છે અને તે એ કે વિજ્ઞાન (Idea, ખ્યાલ) જ બધા સંબંધોને સર્જે છે, બધું વિજ્ઞાનનું જ પ્રકાશન અને વિકસન છે. હું વિજ્ઞાનની શક્તિરૂપ સંકલ્પબળવડે મારું સ્વરૂપ વિકસાવી શકું છું અને મારા હાલના સ્વરૂપ કરતાં પણ કોઈ વધુ મોટા સ્વરૂપને પણ પ્રાપ્ત કરી શકું છું. છતાં, જો વિજ્ઞાન પોતે જ એક સ્વતંત્ર વસ્તુ હોય તો પછી હું પોતે તો વિશ્વાત્મક વિજ્ઞાનનું જ એક રૂપ હોઉં અને મને અર્થાત્ મારા આત્માને કશું પણ સ્વતંત્ર અસ્તિત્વ હોય જ નહિ.

પણ અહીં ત્રીજું પગથિયું પણ છે કે હું વિશ્વશક્તિના પંથોમાં વિકાસ પામનારો અને ટકી રહેનારો આત્મા છું અને મારા સમસ્ત સર્જનનું બીજ મારામાં જ રહેલું છે. જે હું બન્યો છું તે તો મેં જ મારા આત્માના પૂર્વકાળના ખ્યાલ અને કર્મ વડે રચ્યું છે; જે હું બનીશ તે મારા પોતાના વર્તમાન અને ભાવિખ્યાલ અને કર્મ વડે રચી રહું છું.

અને છેલ્લે આ પરમ મુક્તિવિધાયક પગથિયું પણ છે કે વિજ્ઞાન અને તેનું કર્મ બંનેનું મૂળ મુક્ત આત્મામાં છે અને અનુભવ તેમ જ આત્મશોધ વડે મારા સ્વરૂપને કર્મનાં બધાં બંધનોથી પર આધ્યાત્મિક મુક્તિમાં ઊંચે ચઢાવી શકું છું.

આપણા મનને હંમેશ વિરોધી *દ્વંદ્વો દ્વારા* જ વિચાર કરવાની ફરજ પડે છે. આપણને વિશ્વમાં કર્મના કોઈ નિયમનું, શક્તિનાં કાર્યોની અવિરત અને અપરિહાર્ય પરંપરાઓનું તેમ જ તેનાં પરિણામો અને પ્રતિકાર્યોના અસ્ખલિત પ્રવાહનું, અને કાર્યકારણની સાંકળોનું દર્શન થાય છે. પણ પછી તરત જ એનાથી ઊલટો જ સ્વતંત્રતાનો ખ્યાલ ખડો થાય છે. મનુષ્યમાં આ સ્વતંત્રતાનો ખ્યાલ ક્યાંથી પ્રગટે છે? એનાં મન, પ્રાણ અને શરીર ગમે તેટલાં સસીમ હોય, પણ સ્વતંત્રતાની આ કલ્પના અને તૃષા વડે જ એ નિઃસીમના સ્વરૂપનો ભાગ બને છે.

જ્યારે આપણે હમણાં જેવું છે તેવા જગત પર નજર નાખીએ છીએ ત્યારે તો બધું જ કોઈક સખત બંધન અને બળજબરી હેઠળ પ્રવર્તતું લાગે છે. માત્ર બહાર જ નહિ પણ આપણી પોતાની એટલે કે વિચાર કરનાર માનવની અંદર પણ બંધન અને નિયતિથી મુક્ત હોય તેવું કેટલું ઓછું છે! આપણે જે છીએ અને આચરીએ છીએ તેમાંનું કેટલું બધું આપણી પરિસ્થિતિ વડે નિર્ણીત થાય છે, કેટલું બધું આપણી શિક્ષણ અને સંવર્ધનની રીત વડે ઘડાય છે! આપણે જીવન વડે અને બીજાના હાથો વડે ઘડાઈએ

છીએ, અનેક કુંભારોને માટે માટી છીએ અને જે બાકી રહે છે તે પણ અને જે સૌથી વધુ આપણું પોતાનું છે તે પણ શું આપણી વ્યક્તિગત, આપણી જાતિગત અને સમસ્ત માનવની આનુવંશિકતા(heredity) વડે અથવા આખરે તો વિશ્વાત્મક પ્રકૃતિ વડે નિર્ણીત નથી થયું ?

પણ છતાં આપણે આગ્રહ રાખીએ છીએ અને કહીએ છીએ કે આપણામાં કોઈ ઇચ્છા કે સંકલ્પશક્તિ છે, કોઈ ગમે તેટલા ભાર તળે દબાયેલી સ્વતંત્રતાનું ભાન છે. આપણી આસપાસની પરિસ્થિતિને, સંવર્ધનને અને આનુવાંશિકતાનાં ઘડતરોને અને બહારથી અફર જેવી જણાતી આપણી સામાન્ય પ્રકૃતિને પણ એ ઇચ્છાશક્તિ પોતાના પ્રયાસ વડે પલટાવી શકે છે અને એને પોતાનાં પ્રયોજનોને અનુરૂપ ઘડી શકે છે.

(પુસ્તિકા કર્મ : પૃ. ૨૬થી ૨૯)

*

## પ્રારબ્ધ, પુરુષાર્થ : નિયતિ, ઇચ્છાસ્વાતંત્ર્ય

અતિભૌતિક કોયડાઓ કાં તો આમ કે કાં તો તેમ એમ ઉકેલાઈ જાય એટલા સહેલા નથી. એ એમનો ઉકેલ કાઢવાનો લોકપ્રચલિત રસ્તો છે, પણ એ તો છેક જ સંક્ષિપ્ત અને નિર્ણય વિહોણો છે. કાં તો બધું જ ઇચ્છાસ્વાતંત્ર્ય છે અથવા તો બધું જ દૈવ કે નિયતિ છે એટલું કંઈ એ સહેલું નથી. ઇચ્છાસ્વાતંત્ર્ય અથવા નિયતિનો પ્રશ્ન બધાય અતિભૌતિક પ્રશ્નોમાં સૌથી વધુ ગૂંચભર્યો છે અને કોઈ પણ એને ઉકેલી શક્યું નથી. અને એનું કારણ સ્પષ્ટ છે કે નિયતિ અને ઇચ્છા બંને છે અને ખુદ સ્વતંત્ર ઇચ્છા પણ કશેક છે; માત્ર મુશ્કેલી એને પહોંચવાની અને એને કાર્યસાધક બનાવવાની છે.

જ્યોતિષ? એની ઘણી ભવિષ્યવાણીઓ ખરી પડે છે... પણ એનો અર્થ કંઈ એમ નથી થતો કે ગ્રહો આપણા પ્રારબ્ધ પર શાસન કરે છે. તેઓ તો માત્ર પહેલાંથી ઘડાયેલા પ્રારબ્ધને નોંધે જ છે; તેઓ તો માત્ર એક ગૂઢલેખ છે અને શક્તિ નથી, નિષ્પાદક બળ નથી. એવું કોઈક છે અથવા કંઈક છે (જેને આપણે દૈવ કહીએ છીએ) જે પ્રારબ્ધને નક્કી કરે છે, અને ગ્રહો તો માત્ર સૂચવે છે. જ્યોતિષીઓ પોતે જ દૈવ અને પુરુષાર્થ બંનેની વાત કરે છે અને કહે છે કે પુરુષાર્થ વડે દૈવમાં ફેરફાર કરી શકાય છે.

કર્મ અને આનુવાંશિકતા એ બે જન્મ વખતે સ્વભાવ નક્કી કરનારાં મુખ્ય કારણો છે. કેટલાકને મતે આનુવાંશિકતા પણ કર્મને આધીન છે, પણ એ તો માત્ર સામાન્ય રીતે જ સાચું છે, પણ વિગતોમાં નહિ.

*

વિચાર, વાણી, લાગણી, કાર્ય, — જે કોઈ શક્તિ પ્રસારાય તે બધું જ કર્મ છે. આ બધી વસ્તુઓ પ્રકૃતિને એક યા બીજી દિશામાં વિકસવામાં સહાયક થાય છે અને પ્રકૃતિ તથા તેની ક્રિયા-પ્રતિક્રિયાઓ પોતાનાં બાહ્ય-આંતર પરિણામો નિપજાવે છે. તેઓ બીજા

લોકો પર પણ અસર કરે છે અને બળોનાં સામાન્ય સમુદાયમાં એવી ગતિઓ જન્માવે છે કે જે વહેલી-મોડી પોતાની ઉપર પાછી આવી શકે. વ્યક્ત ન કરાયેલા વિચારો પણ બળો તરીકે બહાર પ્રસરીને પોતાનાં પરિણામો નિપજાવી શકે છે. કોઈ વિચાર કે સંકલ્પ માત્ર વાણીમાં કે વર્તનમાં પ્રગટ કરાય ત્યારે જ પરિણામ જન્માવી શકે એમ માનવું એક ભૂલ છે. અનુક્ત વિચાર, અપ્રકટિત સંકલ્પ પણ સક્રિય શક્તિઓ છે અને પોતાના સ્પંદો, પરિણામો અથવા પ્રત્યાઘાતો ઉત્પન્ન કરી શકે છે. (પુસ્તિકા કર્મ : પૃ. ૨૯થી ૩૧)

*

## કર્મનો તાત્ત્વિક અર્થ

કર્મનો તે ઉપરાંત પણ બીજો એક આખરી અને તાત્ત્વિક અર્થ છે અને એ છે એની અંદર ઊભો થતો આપણા અંતરાત્મા અને પરમાત્મા કે સર્વાત્મા વચ્ચેનો સંબંધ. બધું આના ઉપર જ અવલંબે છે, બધું એના પ્રત્યે જ દોરે છે અને બધું એને અનુલક્ષીને જ દરેક પગલે થાય છે. જેટલો બધા ધર્મો કલ્પે છે તેટલો એ સંબંધ સહેલી વસ્તુ નથી. કેમ કે એણે તો કર્મની સમસ્ત પ્રક્રિયાની પાછળ રહેલા કોઈ અતિવિરાટ આધ્યાત્મિક તાત્પર્ય અનુસારના હોવાનું છે અને વિશ્વશક્તિના ઉપયોગમાં થતા આપણા પ્રત્યેક કાર્યનું એ મૂળભૂત અને કદાચ નિઃસીમ તાત્પર્ય સાથે કંઈક જોડાણ હોવું જ જોઈએ.

આમ કર્મના સંપૂર્ણ અર્થમાં એનાં ઘટકો તરીકે ત્રણ બાબતો રહેલી છે, (૧) પ્રકૃતિમાં પુરુષનો સંકલ્પ અને પ્રકૃતિની પુરુષમાં, પુરુષ ઉપર અને પુરુષ દ્વારા તેમ જ પાછી પોતા પ્રત્યે થતી પ્રવૃત્તિ, (૨) પુરુષનું બીજાં પ્રત્યેનું કર્મ અને બીજાંની સાથે ગૂંચવાઈને સંકુલ બનેલા પોતાના કર્મબળનું પુનરાગમન એ બે સામસામા ભળતાં નીપજતી અસર, અને (૩) પરમાત્મા તથા સર્વાત્મા સાથેના સંબંધમાં પુરુષ અથવા અંતરાત્માના કર્મનો અર્થ.

(પુસ્તિકા કર્મ : પૃ. ૪-૫)

*

## કુદરતનાં બળો અને નૈતિકતા

ન્યાયી અને અન્યાયી સૌને માટે સૂર્ય એકસરખો જ પ્રકાશે છે અને વરસાદ એકસરખો જ વરસે છે. કરુણામય અને ભયંકર પ્રકૃતિમાતાની દયા અને ભીષણતા, સુંદરતા અને ભયાનકતા, ઉપયોગિતા અને જોખમ એનાં બધાં બાળકો પર કૃપા કે અવકૃપા વિના એકસરખાં જ આવી પડે છે અને સજ્જન કંઈ પાપી કરતાં એનો વધારે માનીતો નથી. જો એની પાર્થિવ શક્તિઓના કાર્ય દ્વારા નૈતિક સજાનો કાયદો અમલમાં આવતો હોય તો પણ એ તો એના કરતાં ઉપર રહેલી કોઈ ઇચ્છાશક્તિ વડે અથવા તો એના અભાન ઊંડાણમાં એનાથી અજ્ઞાત રહેલા કોઈ બળ વડે જ અમલમાં આવતો હોવો જોઈએ.

પણ આવી ઈચ્છાશક્તિ માનવના ખ્યાલ મુજબની કોઈ નીતિમાન કે ધાર્મિક સત્તાની ન હોઈ શકે. કેમકે એ ઇચ્છાશક્તિનું કર્મ સજાની એટલી ભયાનકતા ધારણ કરે છે કે

જો એ કોઈ માનવ શાસનકર્તામાં હોય તો અત્યાચાર જ ગણાય અને કોઈ નૈતિક દિવ્ય શાસનકર્તામાં હોય તો તદ્દન રાક્ષસી જ ગણાય. એ રીતે કામ કરતો ઈશ્વર બીજા પાસે ન્યાય અને દયાની માગણી કરનારો પણ પોતે તો અન્યાયી અને નિર્દય જ હોય. બીજી બાજુ, કોઈ કર્તા કે પ્રવર્તક વિના યાંત્રિક રીતે કોઈ સનાતન નૈતિક નિયમને પ્રવર્તાવતું અભાન બળ તો વિરોધી વિધાન જ બને; કેમકે નીતિ સચેતન મનનું સર્જન છે અને કોઈ અચેતન યંત્રરચનાને ઈષ્ટ-અનિષ્ટ કે નીતિનો ખ્યાલ હોઈ શકે નહિ. પણ તો પછી વિશ્વમાં રહેલી કોઈ સચેતન ઇચ્છાશક્તિ કે આત્મા જ આવો જુલ્મી કાયદો ઘડી અને પ્રવર્તાવી શકે અને એ તો ઈષ્ટ-અનિષ્ટથી પર જ હોય. એનો અર્થ તો એ જ થાય કે એ વિશ્વાત્મક સત્તા કોઈ અતિનૈતિક (નીતિથી પર) નિઃસીમ છે, જે અહીં પાર્થિવ પ્રકૃતિમાં આપણને અવનૈતિક (નીતિથી નીચેના) નિઃસીમ તરીકે દેખાય છે.

(પુસ્તિકા કર્મ : પૃ. ૭-૮)

*

## કર્મની ગતિ

આ સર્વ પ્રશ્નોમાં રહેલી મુશ્કેલી, એટલે કે એમનામાં રહેલો ખુલાસો ન આપી શકાય તેવો વિરોધાભાસ, મુખ્યત્વે એ કારણે જણાય છે કે પ્રશ્નને પોતાને જ સારી રીતે રજૂ કરવામાં આવ્યો હોતો નથી. આપણે લોકોમાં પ્રચલિત પુનર્જન્મ અને કર્મના ખુલાસાનો દાખલો લઈએ — એ એક એવી મનોમય માન્યતા ઉપર રચાયેલો છે કે પ્રકૃતિનાં કાર્યો નીતિનાં ધોરણો પ્રમાણેનાં હોવાં જોઈએ અને ન્યાયની સમતુલાના ચોક્કસ નૈતિક ધોરણોમાંથી પ્રગટ થવાં જોઈએ. આ તો તદ્દન ચોક્કસ, બિલકુલ ગણિતના રીતનો બદલા અને શિક્ષાનો નિયમ હોય એમ લાગે છે. કાંઈ નહિ તો અમુક વસ્તુનું પરિણામ અમુકને અનુરૂપ હોવું જોઈએ તેવા માનવીય ખ્યાલ પ્રમાણેનો આ વિચાર જણાય છે. પરંતુ પ્રકૃતિ નીતિની મર્યાદા બહાર છે. એ નૈતિક અનૈતિક અને પારનૈતિક પ્રક્રિયાઓનો ઉપયોગ પોતાના હેતુઓ સાધવા માટે આડેધડ કરે છે. બાહ્ય રીતે જોતાં પ્રકૃતિ, અમુક વસ્તુઓ કરવા સિવાય કશાની પરવા કરતી હોય તેમ જણાતું નથી અથવા એ જે રીતે કાર્ય કરે છે તે રીતે જોતાં, તે કેવળ જીવનની લીલાની મહાબુદ્ધિપૂર્વકની વિવિધતા સિદ્ધ કરવાની પરિસ્થિતિ પેદા કરવા માટે કરતી હોય તેમ જણાય છે. ઊંડાણમાંથી જોતાં એમ જણાઈ આવે છે કે પ્રકૃતિ એક સચેતન આધ્યાત્મિક શક્તિ છે અને તેનું સમગ્ર કાર્ય એટલા માટે થતું હોય છે કે તેને સોંપવામાં આવેલા આત્માઓ અનુભવ વડે વિકાસ પામે એટલી વસ્તુ જ એ જુએ છે—અને આ આત્માઓનો પણ એ બાબતમાં કાંઈક અવાજ રહે છે. આ બધા સારા માણસો વિલાપ કરે છે અને આશ્ચર્ય પામે છે કે તેઓ અને બીજા સારા માણસો ઉપર પણ વિના કારણે આવી અર્થહીન વેદનાઓ અને કમનસીબીઓ આવી પડે છે. પરંતુ આ વેદનાઓ અને કમનસીબીઓ શું કોઈ બહારની શક્તિ અથવા કર્મનો કોઈ

યાંત્રિક નિયમ તેમના ઉપર નાખે છે ? એમ ન બની શકે કે આત્માએ પોતેજ—બાહ્ય મને નહિ, પણ અંતરાત્માએ—આ વસ્તુઓને પોતાના વિકાસના ભાગ તરીકે સ્વીકારી હોય કે જેથી પોતાને જોઈતો અનુભવ ત્વરિત ગતિએ મળી રહે. અવરોધોને ભેદીને, બાહ્ય જીવન અને દેહને અતિશય નુકસાન પહોંચવાનું જોખમ ખેડીને પણ આત્માએ જાણે દુઃછંદપણે આ રસ્તો લીધો હોય! આપણી અંદર રહેલા આત્મા માટે, વિકાસશીલ આત્મા માટે, આ સર્વ મુશ્કેલીઓ, અવરોધો, અને હુમલાઓ એ વિકાસ, વર્ધિત બળ, વિસ્તૃત અનુભવ અને આધ્યાત્મિક વિજયના શિક્ષણનાં સાધનો ન હોઈ શકે ? વસ્તુઓની યોજના એ પ્રમાણેની હોઈ શકે અને એમ ન પણ હોય કે એમાં અમુક સત્કર્મોના બદલામાં અમુક રૂપિયા, આના, અને પાઈ ગણી આપવાના હોય અને દુષ્કાર્યોના બદલામાં આપત્તિઓ નાંખવાની હોય! (ભાગ્ય અને સ્વતંત્ર સંકલ્પશક્તિ : પૃ. ૬)

*

## અસ્તિત્વ અને જીવન

અસ્તિત્વ એ પ્રકૃતિનું યંત્ર કે કર્મનું ચક્ર માત્ર નથી. જેમાં આત્મા એક ક્ષણ માટે કે પછી યુગો સુધી સપડાઈ ગયો હોય; આ અસ્તિત્વ એ તો આત્માના સતત થતા રહેતા આવિર્ભાવ રૂપ છે...

***

આ વિશ્વ તે માત્ર ભૌતિક નહિ પરંતુ આધ્યાત્મિક વાસ્તવિકતા પણ છે. જીવન એ બળોની લીલા કે મનોમય અનુભવ માત્ર નહિ પરંતુ અંતર્ગત આત્માની ઉત્ક્રાંતિ માટેનું ક્ષેત્ર છે. આ સત્યનો સંપૂર્ણ સ્વીકાર કરીને એને જ જ્યારે જીવનનું ચાલક બળ તેમ જ જીવનના સાક્ષાત્કારનું અસરકારક માધ્યમ બનાવવામાં આવશે ત્યારે માનવજીવન એની ચરિતાર્થતા પ્રાપ્ત કરશે તથા પોતાનાથી મહત્તર એવી બીજી કોઈ વસ્તુમાં એનું રૂપાંતર સિદ્ધ થશે.

***

પૃથ્વી પરનું જીવન એ આત્મા, — કે જેણે પોતાની જાતનું આ જડતત્ત્વમાં નિમજ્જન કર્યું છે અને જે પોતાનો આવિર્ભાવ એ જડતત્ત્વમાં (એની મરજી વિરુદ્ધ) કરવા મથી રહ્યો છે — એ આત્માની ક્રમિક ઉત્ક્રાંતિમાં એક પરિસ્થિતિ, એક તબક્કો છે. પૃથ્વી પરના જીવનનું આ છે સમગ્ર રહસ્ય.

...વિશ્વનું એક સૂચક રહસ્ય છે તે એ કે જડતત્ત્વની વિશાળ દુર્બોધતામાં ચેતનાનું પ્રકટ થવું અને એનો વિકાસ થવો. દેખીતા પ્રારંભિક અચિત્‌માંથી ચેતનાનું પ્રકટ થવું — પરંતુ એ ચેતના તો ત્યાં કાયમને માટે હતી સુપ્ત અવસ્થામાં, ઢંકાયેલી. કારણ કે જડતત્ત્વનું અચિત્ એટલે જ ઢંકાયેલી, છુપાયેલી ચેતના પોતે અને એ ચેતના પોતાના મૂળ સ્વરૂપને પામવા માટે પોતાની સ્વાભાવિક, તેમ જ એની અંગભૂત એવી પૂર્ણતા,

સમગ્રતા, આનંદ, પ્રકાશ, બળ, સ્વામીત્વ, સંવાદિતાને પામવા માટેનો એનો જે સંઘર્ષ છે એ છે આ અસ્તિત્વ, લાંબા સમયથી ચાલી રહેલો આ ચમત્કાર....

***

આધ્યાત્મિક ઉત્ક્રાંતિ, – પદાર્થતત્ત્વમાં સતત વિકસતાં સ્વ-નિર્માણમાં રૂપ એની અંદર રહેલા આત્માને પ્રકટ કરી શકે ત્યાં સુધી ચેતનાની ઉત્ક્રાંતિ – એ છે આ પાર્થિવ અસ્તિત્વનો મૂળભૂત હેતુ.

શ્રી અરવિન્દ

(Cent. ed. Vol-13, P-553, Vol-23, PP 504-05
Essays Divine and Human - P-173, and Vol-19, P-824)

*

## કર્મની ચરિતાર્થતા

છેવટે તારી જાતને કર્મના સ્વામી તરીકે ઓળખ. પરંતુ આ સ્વરૂપને કોઈ રૂપ, નામ કે ગુણોની વ્યાખ્યા આપીશ નહિ. તારા સ્વરૂપથી એની સાથે વ્યવહાર કરતો રહે, તારી ચેતનામાં એની સાથે વ્યવહાર કરતો રહે, તારી શક્તિથી એને તાબે થઈ જા, એને વળગીને જ રહે તથા તારા આનંદમાં એનો સાથ મેળવી લે. તારાં જીવન, મન અને શરીરને એની હાજરીથી કૃતાર્થ કરી દે. પછી તારી અંદર જોઈ શકાય એ રીતે, સત્ય અને કેવળ સ્વરૂપનું પ્રાકટ્ય થશે. જે તારું પોતાનું સ્વરૂપ હશે અને એથી ભિન્ન પણ, બીજા બધાં સ્વરૂપો સમાન અને એથી પણ વધુ, એ હશે કર્મનો દોરનાર અને કર્મનો ભોક્તા, કર્તાનો તેમ જ સાધનનો સ્વામી પોતે. એ છે જગતને નચાવનાર, જગતને પ્રકટ કરનાર તેમ જ જગતનો સંહારક. અને છતાં તમારા આત્માની શાંત પળોમાં સાવ એકલો અને ચૂપચાપ તમારા હૃદય મંદિરમાં તમારી સાથે એ રમતો રહે છે.

કર્મના આ સ્વામીને મેળવવાથી જે મુદા પ્રકટે છે તે પછી આ જગતમાં પ્રાપ્ત કરવા લાયક તમારે માટે કાંઈ જ રહેતું નથી. કારણ કે 'એ' પછી પોતાની જાત તમને સોંપી દેશે, જગતમાંનું સર્વ કાંઈ, પ્રાણી માત્રનો આનંદ, સંપત્તિ, ઉપભોગ વિ. માંનો તારો હિસ્સો 'એ' જ તને આપી દેશે. અને જેનો ભાગ પાડી શકાય એમ નથી. જે અવિભાજ્ય છે તે પણ એ તને આપશે.

તું તારા સ્વરૂપમાં તારી જાત અને બાકીનું બધું સાચવી શકીશ. અને તારી જાત તથા બાકીના બધા કરતા જે પર છે તેને પણ પામી શકીશ.

આ છે કર્મની ચરિતાર્થતા, કર્મનું શિખર.

**શ્રી અરવિન્દ**

(The Supramental Manifestation, PP. 287-90)

*

## કર્મ, એ નિયમ છે કે કાર્યનું અનેક પરિમાણીય ક્રિયાશીલ સત્ય?

કર્મ એ નિયમ નથી, પરંતુ જીવન અને કાર્યનું એ અનેક પરિમાણીય ક્રિયાશીલ સત્ય છે એવું આપણે કહીશું, અનંતની અહીં થતી સેન્દ્રિય ગતિ છે કર્મ. કર્મને ઓછાં વિકસિત મન દ્વારા એના કાપીને ટુકડા કરી નાખી એને સહેલા તેમ જ ગેરમાર્ગે દોરનાર સિદ્ધાંતોમાં ફેરવી દેવામાં આવ્યું તે પહેલાં પુરાણ સમયના ચિંતકોએ એને આ રીતે (અનંતની સેન્દ્રિય ગતિ) તરીકે નિહાળ્યું હતું. કર્મની ક્રિયાઓ આત્માના બહુવિધ ઉછાળમાં, સંયોજક અને ઝગડતી વિશ્વશક્તિઓનાં અનેક મોજાંઓ અને પ્રવાહોને અનુસરે છે અને એની સંભવિત રેખાઓને ધારણ કરે છે. કર્મ એ છે સર્જનાત્મક અનંતની પ્રક્રિયા. પ્રકૃતિમાં વ્યક્તિગત અને વૈશ્વિક આત્માની પ્રગતિની લાંબી અને બહુવિધ રીત છે કર્મ. એની જટિલતાનો ઉકેલ આપણું શારીરિક મન, જે હંમેશાં સપાટી પરના દેખાવોમાં બદ્ધ રહેતું હોય છે તે પામી શકતું હોતું નથી... કામનાનું પ્રાણમય મન પણ એ જટિલતાને ઉકેલી શકતું હોતું નથી.... આપણી તર્કસંગત બુદ્ધિની ચોકસાઈ પણ એનું સંપૂર્ણ પ્રકારનું પૃથક્કરણ નથી કરી શકતી, નથી એનું કારણ જણાવી શકતી... આપણી વિસ્તૃત ચેતનામાં જ્ઞાનની અતિમાનસ પદ્ધતિનું જે દિવસે આરોહણ સિદ્ધ થશે, માત્ર તે જ દિવસે આપણે માટે હાલ જે પ્રકૃતિની અસ્પષ્ટ લિપિ સમાન છે તેને ઉકેલી શકીશું. એ ગૂઢ લિપિ પછી આપણને સ્પષ્ટ થશે. અતિમાનસ દૃષ્ટિ એક નજરમાં જ ભેગી થતી અને જુદી પડતી સેંકડો ગતિઓને પામી શકે છે.... (CWSA 13 : 428-429)

*

તમે જ્યારે કોઈ ચોક્કસ પ્રકારના સંજોગોમાં મુકાયા હો છો અને અમુક ઘટનાઓ બનતી હોય છે, જે તમારી ઇચ્છા મુજબની તેમ જ તમને જે ઉત્તમ લાગે એ મુજબની હોતી નથી અને તમે એને કારણે ખેદ અનુભવી, તમારી જાતને કહેતાં હો છો ''આહ ! આનાથી ઊલટું જ બન્યું હોત, એ વસ્તુઓ આ મુજબ બની હોત તો કેવું સારું થાત'' નાની-મોટી દરેક વસ્તુ માટે તમે આમ વિચારતાં હો છો... પછી વર્ષો પસાર થઈ જાય છે, ઘટનાઓનું રહસ્ય પ્રકટ થઈ જાય છે; તમે પ્રગતિ કરો છો, વધુ સચેતન બનો છો, સારી રીતે સમજતા થાઓ છો, અને જ્યારે તમે ભૂતકાળ પર નજર ફેરવો છો ત્યારે તમે પ્રથમ તો આશ્ચર્યપૂર્વક, પણ પછી સ્મિત સહિત એ જોઈ શકો છો કે જે સંજોગો તમને તે સમયે વિનાશક તથા પ્રતિકૂળ લાગ્યા હતા, તે સંજોગો તમારે કરવાની એવી જરૂરી પ્રગતિ માટે શ્રેષ્ઠ હતા. અને તમે જો થોડા પણ સમજુ હશો તો તમે તમારી જાતને કહેશો 'સાચે જ, ઈશ્વરકૃપા અસીમ છે.' (CWM : 8 : 257)

*

# કર્મના નિયમનો હેતુ

### પુનર્જન્મ અને કર્મ

પુનર્જન્મનો પુરાણો ખ્યાલ અતિશય વ્યક્તિત્વવાદ પર ભાર મૂકીને ભૂલ કરે છે. ખૂબ જ સ્વ-એકાગ્રી એવો એ ખ્યાલ, વ્યક્તિના પોતાના પુનર્જન્મને તથા કર્મને એ જાણે કે એકદમ પોતાની એકાકી બાબત હોય એ રીતે માની લે છે. સમગ્રમાંની તીવ્ર એવી અલગ ક્રિયા એને માને છે. વ્યક્તિની પોતાની અંગત બાબતો પ્રતિ ઢળેલી અને પોતાનો જ વિચાર કરતી એ ક્રિયાને તે ગણી લે છે. અને છતાં માનવસ્વરૂપને જીવનમાં મુખ્યત્વે એવી શરતો અને સાધનો પ્રતિ જોવાનું શીખવે છે જે વ્યક્તિના પોતાના આધ્યાત્મિક લાભ અને અંગત મુક્તિ માટે જ જાણે ન હોય! વિશ્વ એક એવી ગતિ છે, જે પર રહેલી કોઈ વાસ્તવિકતાની ઉપજ છે, જેમાંથી પ્રત્યેક સ્વરૂપ જીવનમાં પ્રવેશ કરતું હોય છે અને એમાંથી જ પાછું ફરીને પોતાના મૂળ સ્રોતમાં પહોંચી જતું હોય છે એવો જે મત છે એમાંથી આ અંગત મુક્તિનો ખ્યાલ ઉત્પન્ન થયેલો છે. એમાં આ પાછા ફરવાનો તલ્લીન કરી દેતો વિચાર એ જ એક મહત્ત્વની વસ્તુ માની લેવામાં આવે છે. ... પણ અસ્તિત્વમાં આત્માના સંકલ્પ અને એની રીતો વિશેનો વધુ પડતો સંક્ષિપ્ત એવો ખ્યાલ હતો. એ તો નિશ્ચિત છે કે આપણે જ્યારે અહીં હોઈએ ત્યારે આપણો પુનર્જન્મ કે આપણું કર્મ એ જ્યારે એની રીતે આગળ ધપતું હોય ત્યારે પણ વૈશ્વિક અસ્તિત્વમાંની એ જ રીત સાથે ઘનિષ્ઠપણે એક હોય છે. પણ મારું 'સ્વ' વિશેનું જ્ઞાન અને મારી સ્વ-ચરિતાર્થતા પણ અન્ય જીવનો, અન્ય સ્વરૂપો સાથેની એકતાને રદ કરી દેતાં નથી. ઘનિષ્ઠ વૈશ્વિકતા એ છે આધ્યાત્મિક પૂર્ણતાની કીર્તિનો જ અંશ....

વિશ્વમાં આત્માની સ્વ-અસરકારકતા, એ સત્યને આપણે આપણો આધાર માનીએ છીએ, એક મહાન, સમયમાંની લાંબી સ્વ-વણાટની પ્રક્રિયા. વ્યક્તિમાં સ્વ-અસરકારકતાની અખંડતા એ છે પુનર્જન્મ. તારની દઢતા. કર્મ એ છે પ્રક્રિયા, શક્તિ, ઊર્જાનું કાર્ય અને ભૌતિક વિશ્વમાં એનું પરિણામ.

***

### કર્મનો સામાન્ય ખ્યાલ

કર્મ વિશેના સામાન્ય ખ્યાલમાં આપણે શુભના બે જુદા ખ્યાલોને જોડતાં હોઈએ છીએ. હું એ સારી રીતે સમજી શકું છું કે નૈતિક શુભ, નૈતિક શુભ જ ઉત્પન્ન કરે કે એ શુભભાવનામાં વધારો કરે. નૈતિક અશુભ અશુભતામાં જ વધારો કરે અને નૈતિક અશુભનું જ સર્જન કરે. એ આમ કરે છે મારી પોતાની અંદર. પ્રેમની ટેવ મારી પ્રેમની શક્તિની પુષ્ટિ કરે છે અને એ શક્તિમાં વધારો કરે છે. પ્રેમની એ શક્તિ મારા સ્વરૂપને શુદ્ધ કરે છે

અને એ સ્વરૂપને વૈશ્વિક શુભ પરત્વે અભિમુખ કરે છે. તિરસ્કારની ભાવના ઊલટું મારા સ્વરૂપને ભ્રષ્ટ કરે છે. એ સ્વરૂપને ઝેરથી ભરી દે છે. રોગિષ્ઠ, ઝેરી દ્રવ્યથી તિરસ્કાર સમગ્ર સ્વરૂપને ભરી દે છે. અને એ રીતે સ્વરૂપને સામાન્ય દુષ્ટ શક્તિ પરત્વે અભિમુખ કરી દે છે. મારો લાંબા સમયનો પ્રેમ, અથવા એ જો પાછો વળે તો એ બીજાઓમાં પ્રેમ ઉત્પન્ન કરે છે અને મારો દ્વેષ બીજાઓમાં દ્વેષ ઉત્પન્ન કરતો હોય છે; મોટે ભાગે આમ બનતું હોય છે. પણ પરિણામ આ મુજબ અવિચલપણે અને સખત રીતે સંભવે એ જરૂરી નથી. તેમ છતાં પ્રેમ વિશાળતા ઉત્પન્ન કરતાં તરંગો, લહેરો ફેંકે છે અને વિશ્વને ઉન્નત કરવામાં સહાય કરે છે; જ્યારે તિરસ્કારનાં પરિણામો એનાથી વિરુદ્ધનાં હોય છે. પણ આ શુભ અને અશુભ એક બાજુ તથા સુખ અને દુઃખ બીજી બાજુએ – એ બે વચ્ચે જરૂરી અનુસંધાન શું છે? શું નૈતિક શક્તિ હંમેશા સંપૂર્ણપણે લોહીની સગાઈનાં સુખાકારી પરિણામ જ ઉપજાવતી રહેવી જ જોઈએ? સમગ્રતયા નહિ! કારણ પ્રેમ એ પોતે જ સુખ છે, પણ પ્રેમ દુઃખ પણ સહે છે; તિરસ્કાર પોતે જ પરેશાન અને સ્વ-પીડિત વસ્તુ છે, પણ એની પોતાની પણ વિકૃત આનંદની લાગણી અને એની પ્રસન્નતા પણ હોય છે જ. પણ અંતે આપણે એમ કહી શકીએ કે પ્રેમ, કારણ કે એની ઉત્પત્તિ વૈશ્વિક આનંદમાંથી થઈ હોવાથી એ પોતાની પ્રકૃતિમાં જ વિજયી બને છે અને તિરસ્કાર એ આનંદનો ઇનકાર કે વિકૃતિ હોવાથી એ મારી તેમ જ અન્યોની ઉગ્ર પીડામાં પરિણમતો હોય છે.

(CWSA 13 : 371-372)

***

**કર્મ અને ન્યાય**

કર્મનો આ જે ચાલુ સિદ્ધાંત છે, અને એ સિદ્ધાંત વિશ્વરૂપ આત્માની કાર્યપદ્ધતિઓને સપાટી પરના માનવ મનને પ્રિય એવા કાયદા અને ન્યાય અંગેના ટૂંકા ટૂંકા ખ્યાલો સાથે, ઈનામ અને સજાની, લાલચ અને મનાઈની કઢંગી અને ઘણી વાર જંગલી રીતે પ્રાથમિક દશાની પદ્ધતિઓ સાથે બળજબરીથી એકરૂપ બનાવી દઈ તેમને સાચી ઠેરવવાનો જે ઉપરચોટિયો પ્રયત્ન કરે છે, તે સિદ્ધાંત અને તેના આ પ્રયત્નને આપણે ખૂબ ખૂબ પાછળ મૂકી દેવાનાં રહે છે. આ બાબતમાં તો પ્રકૃતિના કાર્યના મૂળમાં એક વધુ પ્રમાણભૂત અને આધ્યાત્મિક એવું સત્ય આવી રહેલું છે અને ત્યાં યાંત્રિક રીતે ઘણી ઓછી ગણી શકાય તેવી ક્રિયા રહેલી છે. આ વિષયમાં માણસે ઉપજાવેલી ક્ષુદ્ર રહસ્યદૃષ્ટિની સાથે બાંધી દેવાયેલો કોઈ જડ અને સાંકડો નૈતિક નિયમ કામ કરતો નથી, અહીં એક બાળ આત્માને ફટકા અને ખાટીમીઠીની મિશ્રિત પદ્ધતિ દ્વારા શિક્ષણ આપવાનું કામ ચાલતું નથી, અહીં માણસના અજ્ઞાનમય ચુકાદાઓ અને પાર્થિવ ઇચ્છાઓ અને સહજવૃત્તિઓના પગલે પગલે આપોઆપ ચાલતું રહેતું એક નિષ્ઠુર વિશ્વરૂપ ન્યાયનું કશું લાભદાયક નહિ એવું ચક્ર કામ કરતું નથી. જીવન અને પુનર્જન્મ આ બધી કૃત્રિમ રચનાઓ પ્રમાણે બનતાં

નથી, પરંતુ એ એક આધ્યાત્મિક અને પ્રકૃતિના ગહનમાં ગહન હેતુ સાથે ઘણી નિકટની એવી એક ક્રિયા છે...

આ કર્મના નિયમની જે સંકુલતાઓ છે તે ઉપરછલ્લા આભાસમાં સદાયે બંધાઈ રહેતા આપણા સ્થૂલ મન દ્વારા કદી ખોલી શકાવાની નથી, તેમ જ આપણું જે પ્રાણમય મન તેની સહજવૃત્તિઓ અને ઝંખનાઓ અને અવિચારી નિર્ણયોના વાદળમાં રહ્યું રહ્યું, દશ્ય અને અદશ્ય જગતોમાંથી આવતી આ જે હજારો હજારો અનુકૂળ અને પ્રતિકૂળ શક્તિઓ આપણી આસપાસ રહેલી છે અને આપણને પ્રેરી અને ધકેલી રહી છે તથા અટકાવતી રહી છે તેમની ભુલભુલામણીમાં પસાર થતું આગળ વધે છે તે પણ તેનો ઉકેલ લાવી શકવાનું નથી. તેમ જ વળી એ કર્મના નિયમને, આપણી તર્કપ્રધાન બુદ્ધિ ચોખ્ખાચટ સિદ્ધાંતો માટેની તેની ઘણી પ્રાચીન ખોજમાં ચોકસાઈપૂર્વક કામ કરતી રહી છે તે મુજબ કોઈ સંપૂર્ણ વર્ગીકરણમાં ગોઠવી શકાય તેમ નથી અથવા તો તેનો ખુલાસો મેળવી શકાય તેમ નથી કે તેને જુદાં જુદાં પોટલાંમાં બાંધી દઈ શકાય તેમ નથી. એ તો જ્યારે આપણી વિશાળ બનેલી ચેતનામાં જ્ઞાનની અતિમાનસ પદ્ધતિનો ઉદય થશે ત્યારે જ આપણે, આપણે માટે પ્રકૃતિની કર્મની જે અકલિત લિપિ છે તેને સંપૂર્ણપણે વાંચતા થઈશું.

(વ્યવહારુ માર્ગદર્શન - ભાગ-૩, પૃ. ૨૦-૨૧)

*

હે પ્રભુ ! આપ સમક્ષ ઉભા રહીને પૂરી નિષ્ઠાપૂર્વક કોણ એમ કહી શકે છે કે 'મેં ક્યારેય ભૂલ કરી નથી?' દિવસમાં કેટલી બધી વખત હે પ્રભુ, તમારા કાર્ય સામે અમે ભૂલો કરતાં જ રહીએ છીએ અને તમારી કૃપા હંમેશા અમારી ભૂલોને ભૂંસતી જ રહે છે!

તમારી કૃપાની દરમિયાનગીરી ન હોય તો વૈશ્વિક ન્યાયના કાયદાની ક્રૂર તલવાર કોના પર અનેક વખત ફરી વળી ન હોત? અહીંની પ્રત્યેક વ્યક્તિ એક એવી અશક્યતાની પ્રતિનિધિરૂપ છે, જેનું નિરાકરણ લાવવાનું છે. અને તારી કૃપાને લઈને જ સર્વ કંઈ શક્ય છે. આ બધી અશક્યતાઓને દિવ્ય સાક્ષાત્કારમાં સમગ્રપણે અને એની વિગતો સહિત રૂપાંતરિત કરવાનું કાર્ય સિદ્ધ કરવું એ હશે તારું કાર્ય.

**શ્રી માતાજી**

(CWM 14 : 86-87)

***

# પરંપરાગત કર્મના નિયમની આલોચના

**કર્મ અને અનિષ્ટનો પ્રશ્ન :**

એમ દલીલ કરી શકાય છે કે આ જગતનો રચનાર પ્રભુ જો સચ્ચિદાનંદ રૂપ છે, જ્ઞાનવાન સચિત્ પુરુષ છે તો પછી દુઃખ યાતનાઓ અને અશુભથી ભરેલું જગત તે કેવી રીતે રચી શકે? જુઓને, આ જગતમાં તો તે પોતાનાં પ્રાણીઓને યાતનામાં રિબાવે છે, દુઃખને વહેતું મૂકે છે, અશુભને ટકી રહેવા દે છે. પ્રભુ જો કેવલ શિવસ્વરૂપ છે તો પછી દુઃખ અને અશુભનો ઉત્પન્ન કરનાર કોણ? જો એમ કહેવામાં આવે કે દુઃખ તો આપણે માટે એક કસોટી છે, અગ્નિપરીક્ષા છે તો પણ નીતિની દૃષ્ટિએ એમ હોવું યોગ્ય નથી લાગતું. મનુષ્યની કસોટી માટે દુઃખને ઉત્પન્ન કરનાર પ્રભુ અનીતિમાન જ ગણાય. યા તો એમ કહેવાય કે તેને નીતિરીતિની સાથે કશી લેવાદેવા નથી. આવો પ્રભુ જગતની રચના કરનારો એક ઉત્તમ કારીગર યા તો હોશિયાર માનસશાસ્ત્રી છે એમ આપણે માની શકીએ પણ એને ભજવાનું મન થાય એવો પ્રેમ અને કલ્યાણરૂપ તો તે નહિ જ ગણાય. આવો પ્રભુ માત્ર એક અત્યંત બલવાન ઈશ્વર જ છે, અને આપણે માત્ર એના નિયમોને વશ થવાનું જ રહે છે. એના તરંગ પ્રમાણે નાચવાનું રહે છે. જે પ્રભુ કસોટી વા પરીક્ષા માટે આવી યાતનાઓ યોજે છે તે તો જાણીબૂજીને કરેલા ઘાતકી આચરણનો જ ગુનેગાર બને છે, યા તો તેને નીતિનો કશો ખ્યાલ જ નથી એમ કહેવું પડે. અને માનો કે પ્રભુ નીતિમાન જ છે તો પછી એમ કહેવું પડશે કે એની એ નૈતિક ભાવના તેણે રચેલાં માનવ પ્રાણીઓની ઉચ્ચમાં ઉચ્ચ નૈતિક ભાવના કરતાં તો ઘણી જ ઊતરતી કોટિની છે. પણ એમ કહેવું તો વિચિત્ર લાગે છે. પ્રભુના કરતાં કંઈ મનુષ્યની નીતિ કદી પણ વધારે ઉચ્ચ ન હોઈ શકે. આ આપત્તિમાંથી પ્રભુને ઉગારી લેવા માટે જો એમ કહીએ કે ના ના, દુઃખ એ તો અનીતિમાન કર્મનું જ અનિવાર્ય પરિણામ છે, કુદરત તરફથી આવી મળતી સજા છે તો એ ખુલાસો પણ જીવનની હકીકતો સાથે મેળમાં દેખાતો નથી. જીવનની હકીકતો અને દુઃખનો ખુલાસો કરતી આ માન્યતાનો જો હરકોઈ રીતે મેળ મેળવવો જ હશે તો આપણે કર્મ અને પુનર્જન્મના સિદ્ધાંતને સ્વીકારવો પડશે. એ સિદ્ધાંત તમને સમજાવે છે કે તમારાં આ જન્મનાં દુઃખો એ પૂર્વજન્મમાં તમે બીજા શરીરમાં રહી કરેલાં કર્મોનું પરિણામ છે. માનો કે આ સિદ્ધાંત સ્વીકારી લીધો તોપણ મૂળ પ્રશ્ન તો હજી એવો ને એવો જ ઊભો રહે છે કે જેની સજા રૂપે આ દુઃખ અને યાતના ભોગવવાં પડે છે તે અનૈતિક તત્ત્વ કોણે ઉત્પન્ન કર્યું, શા માટે ઉત્પન્ન કર્યું, ક્યાંથી ઉત્પન્ન કર્યું? આ પ્રશ્ન વિચારતાં આપણને એક બીજી વસ્તુ પણ જોવા મળે છે. આ અનૈતિક તત્ત્વ એ કોઈ સ્થૂલ વસ્તુ નથી પણ એક પ્રકારનો માનસિક રોગ જ છે. માનસિક અજ્ઞાન છે. તો પછી પ્રશ્ન થાય છે કે એ માનસિક રોગ અને આ સ્થૂલ પરિણામ એ બે વચ્ચે આવો અફર સંબંધ કોણે બાંધી

આપ્યો. એક માનસિક પ્રકારની વસ્તુની કે અજ્ઞાનજન્ય કર્મની સજા રૂપે આવું ભયંકર પરિણામ લાવનાર, અને ઘણી વાર તો પારાવાર અને પ્રચંડ યાતનાઓ આપનાર નિયમ કોણે ઘડ્યો ? કર્મનો આવો અવિચલ નિયમ અને પરમ નીતિમાન વ્યક્તિરૂપ પ્રભુ એ બે કદી એકી સાથે ટકી શકે નહિ. માટે જ બુદ્ધની સ્પષ્ટ તર્કદષ્ટિએ તો એમ જ ચોખ્ખેચોખ્ખું જણાવી દીધું કે કોઈ સર્વ સ્વતંત્ર અને સર્વશાસક એવો વ્યક્તિરૂપ પ્રભુ સંભવી શકતો જ નથી. બુદ્ધે માત્ર કર્મનો નિયમ જ સ્થાપિત કર્યો અને જણાવી દીધું કે અવિદ્યામાંથી જ સર્વ વ્યક્તિનું સર્જન થાય છે, અને એ વ્યક્તિ કર્મને આધીન છે.

આમ દુઃખનો, નીતિનો અને પ્રભુનો મેળ મેળવવો ઘણો મુશ્કેલ બની જાય છે. પણ એનું કારણ એ છે કે આપણે પ્રભુને જગતથી પર રહેલી એક વ્યક્તિ તરીકે માની લીધો છે. આ દષ્ટિ પ્રમાણેનો ઈશ્વર જગતથી એક તદ્દન ભિન્ન વસ્તુ છે, એ પોતે વિશ્વરૂપ નથી. જગતનાં પ્રાણીઓ માટે શુભ અને અશુભ, દુઃખ અને યાતના ઉત્પન્ન કરી પોતે તો એ સર્વથી મુક્ત જ રહે છે, અને તે કૂટસ્થ દશામાં રહ્યો રહ્યો જગતને જોયા કરે છે, જગત પર રાજ્ય ચલાવ્યે જાય છે, આ રિબાતી પીડાતી અને ઝઘડતી દુનિયા પાસે પોતાનું ધાર્યું કરાવ્યે જાય છે. વળી માની લો કે આ ઈશ્વર જગત પર પોતાની ઇચ્છા લાદતો નથી, પણ એક અચલ નિયમના હાથમાં જ જગતને સોંપી દે છે, એ નિયમની વિરુદ્ધ જઈ જગતની મદદમાં તે કદી ઊતરતો નથી, અને મદદ કરવા આવે છે ત્યારે પણ તે અર્ધીપર્ધી જ મદદ કરે છે. તો તો એવા ઈશ્વરને સર્વશક્તિમાન નહિ કહેવાય. એ કેવલ પ્રેમસ્વરૂપ છે, શિવસ્વરૂપ છે એમ નહિ કહેવાય. ઈશ્વર જગતથી પર રહેલો એક નીતિમાન પુરુષ છે એવા સિદ્ધાંતને આધારે જગતમાં અશુભ અને યાતનાની ઉત્પત્તિનો ખુલાસો કોઈ પણ પ્રકારે આપી શકાવાનો નથી. જો આ જ સિદ્ધાંતને આધારે આ પ્રશ્ન ઉકેલવો હશે તો તો આપણે માત્ર આડીતેડી અને અસંતોષકારક દલીલો જ કરવાની રહેશે. એ દલીલો આ પ્રશ્નનો સીધો જવાબ આપી શકવાની નથી. માત્ર એ કોઈક રીતનો ઢાંકપિછોડો કરી આપશે. અથવા તો સ્પષ્ટ કે અસ્પષ્ટ રીતે આપણે એક સ્વીકારવું પડશે કે વિશ્વમાં સનાતન કાળથી ઈશ્વરની સાથે સાથે સેતાનનું પણ અસ્તિત્વ રહેલું છે. પરંતુ આ સનાતન ઈશ્વરનાં કૃત્યોનો બચાવ કરવા ખાતર સનાતન સેતાનનો પણ સ્વીકાર કરવા જતાં તો બિચારા ઈશ્વરનો જ શિરચ્છેદ થઈ જશે એ ધ્યાનમાં રાખીએ. જે ઈશ્વરના રાજ્યમાં તેની ઉપરવટ થઈને આટલું બધું અનિષ્ટ ફેલાવનારો સેતાન ઈશ્વરની સાથે સાથે જ સનાતન કાળથી હયાતીમાં છે તે ઈશ્વરને પછી ઈશ્વર જ કેવી રીતે ગણી શકાય? પરંતુ વેદાન્તનો સચ્ચિદાનંદ આ પ્રકારનો ઈશ્વર નથી. આ સચ્ચિદાનંદ તો एकमेवाद्वित्तीयम् છે, તેનાથી ભિન્ન એવી કોઈ સત્તા હસ્તીમાં નથી. વિશ્વમાં જે કંઈ છે તે પોતે જ છે. અને તેથી, જગતમાં જો અશુભ છે, યાતનાઓ છે, તો એ અશુભ અને યાતનાઓને સહન કરનાર પણ તે પોતે જ છે. એ સચ્ચિદાનંદે પોતે જ પ્રાણીરૂપે દેહ ધારણ કર્યો છે અને એ પ્રાણી બનીને પોતે આ અશુભ અને યાતનાઓ વેઠી રહ્યો છે. આ રીતે જોતાં આખો પ્રશ્ન જુદું

જ રૂપ લે છે. હવે સવાલ એ નથી રહેતો કે ઈશ્વર પોતે જેને સહન નથી કરી શકતો અને તેથી કરીને જેમાંથી મુક્ત રહે છે તેવાં અશુભ અને યાતના પોતાનાં પ્રાણીઓ માટે તેણે કેવી રીતે ઉત્પન્ન કર્યાં. હવે સવાલ આ રૂપે ઊભો થાય છે કે આ એકમાત્ર નિરવધિ સત્-ચિત્-આનંદે જે વસ્તુ આનંદરૂપ નથી, કિંતુ આનંદથી કેવળ ઊલટી જ છે તેને કેવી રીતે પોતાની અંદર દાખલ થવા દીધી. (દિવ્ય જીવન, ગ્રંથ ૧ : પૃ. ૧૨૨થી ૧૨૪)

*

## પુનર્જન્મ – આધ્યાત્મિક ઉત્ક્રાંતિ માટેની તક

એક પ્રશ્ન, જે એની સર્વ જટિલતાઓને લઈને તત્ત્વજ્ઞાનના નિચોડરૂપ બની ગયો છે અને માનવમનમાં બધાં ચિંતનો ફરી ફરીને અંતે એ જ પ્રશ્ન પર આવીને ઊભાં રહે છે એ પ્રશ્ન છે આપણી જાત વિશેનો - આપણે અહીં શા માટે છીએ અને આપણે શું છીએ? આપણી આગળ પાછળ અને આસપાસ શું આવી રહેલું છે? આપણી જાતનો આપણે શું ઉપયોગ કરવા માગીએ છીએ તેમ જ આપણું પોતાનું આંતર મહત્ત્વ શું અને આપણી આસપાસના વાતાવરણમાં આપણે શું કરવા માગીએ છીએ?

હવે ઉત્ક્રાંતિગત પુનર્જન્મના વિચારને જો આપણે સત્ય માની શકીએ અને એની પૂર્વભૂમિકાઓ તેમ જ એનાં પરિણામોને પણ આપણે માન્ય રાખીએ તો આ સનાતન પ્રશ્નના સર્વે સંકલિત પાસાંઓના ઉત્તરને લાગુ પડતી ચાવી આપણને મળી શકે એમ છે.

એક આધ્યાત્મિક ઉત્ક્રાંતિનો ખ્યાલ કે જેમાં આપણું આ વિશ્વ એક દૃશ્ય જેવું છે અને આપણી ધરા એ એની ભૂમિકા તથા એને માટેનું રંગમંચ છે - જો કે એની યોજના હજુ સુધી આપણા મર્યાદિત જ્ઞાનથી છૂપી (ઉપર) રાખવામાં આવી છે. અસ્તિત્વને આ રીતે જોવું એ એક પ્રકાશપૂર્ણ ચાવી છે જે અનેક અંધારઘેર્યાં દ્વારોને લાગુ પાડી શકાય એમ છે.

ખરી વાત એ છે કે આપણે એને (ઉત્ક્રાંતિને) સાચી રીતે જોતાં શીખવાનું છે, એનું સાચું મૂલ્યાંકન કરતાં શીખવાનું છે. ખાસ કરીને એને એની યાંત્રિક પ્રક્રિયા રૂપે જોવા કરતાં આપણે એને એના આધ્યાત્મિક પરિમાણમાં જોવાની છે. આપણે જો એને આ રીતે જોવામાં નિષ્ફળ જઈશું તો પછી એક દાર્શનિક કુશળતામાં જ આપણે ગૂંચવાયેલા રહીશું, આ કે તે દિશાના અતિશયોક્તિયુક્ત નકારમાં આપણે પહોંચી જઈશું. અને એના વિશેનો આપણો અભિપ્રાય ગમે તેટલો તર્કયુક્ત હશે છતાં મનુષ્યની સમગ્ર બુદ્ધિમતા અને એનો સંકુલ આત્મા એનાથી સંતોષ પામી શકવાનો નથી કે એનામાં એને વિશ્વાસ ઉત્પન્ન થવાનો નથી.

આપણા આત્મવિકાસની પ્રક્રિયાના ભાગ રૂપે શરીરનો વારંવાર જન્મ થવો એવો શુષ્ક વિચાર આપણને એક જ શરીરમાંના વ્યક્તિગત જીવનના સરળ ભૌતિક સત્યથી આગળ લઈ જતો નથી... ... આપણા અગાઉના અને હવે પછી થનારા જન્મોની પાછળ કોઈ પ્રગતિશીલ હેતુ રહેલો ન હોય તો પછી એનો અર્થ શું? અને એનાથી કયો લાભ મળવાનો છે?

પુનર્જન્મ આપણને એ શીખવાડે છે કે આપણે એક આત્મા છીએ, જે આત્મા સતત દેહ ધારણ કરવાનો ચમત્કાર સર્જતો રહે છે. પણ આ દેહ ધારણ શા માટે કરવાનો? આ આત્માએ પોતે અહીં શું કાર્ય કરવાનું છે અને આ વિશ્વ જે એને આપવામાં આવ્યું છે એનો એણે શો ઉપયોગ કરવાનો છે?

પુનર્જન્મ એ આધ્યાત્મિક ઉત્ક્રાંતિ માટેની તક છે, એક સાધન છે, એવી સમજ જો આપણને પ્રાપ્ત થઈ જાય તો પછી પ્રત્યેક પ્રશ્નોના જવાબો મળી આવે છે. પછી જીવન એક યાંત્રિક પુનરાવર્તન જ નહિ પણ એક અર્થપૂર્ણ આરોહણની પ્રક્રિયા બની જાય છે; આપણી સમક્ષ આધ્યાત્મિક આત્મવિકાસના પ્રદેશો ખુલ્લા થઈ જાય છે. આપણે એક આંતર ખોજમાં લાગી જઈએ છીએ, અધ્યાત્મ તત્ત્વના આત્મજ્ઞાનની ખોજમાં, તેમ જ આપણા અસ્તિત્વમાં કોઈ દિવ્ય હેતુની પરિપૂર્તિની શોધમાં આપણે લાગી જઈએ છીએ. અને એક મહાન પ્રાપ્તિનું આપણને વચન પણ આપવામાં આવે છે.

(પુનર્જન્મ, શતાબ્દી પુસ્તિકા પૃ. ૧૮-૧૯)

*

## કર્મનો વ્યાવહારિક પાયો

કર્મના ખ્યાલની પાછળ બે ખ્યાલો રહેલા છે : એક, પ્રકૃતિનો અર્થાત્ પ્રકૃતિની શક્તિ કે કાર્યના નિયમનો, અને બીજો, એ નિયમ હેઠળ રહેતા, તેમ જ પ્રકૃતિમાં પોતાનું કર્મ પ્રસારતા અને પ્રકૃતિમાંથી બદલો મેળવતા પુરુષ અથવા અંતરાત્માનો. આમ એક બાજુ વિશ્વપ્રકૃતિ છે અને બીજી બાજુ વ્યક્તિગત પુરુષ છે.

આથી પુરુષનો પ્રકૃતિની શક્તિઓ સાથેનો સમસ્ત સંબંધ, પુરુષે કરેલો પ્રકૃતિનો ઉપયોગ કર્મનો વ્યાવહારિક પાયો છે. પુરુષ પ્રકૃતિની શક્તિઓ પર પોતાની માગણી કરે છે, તેમને સંમતિ આપે છે અને તેમનો ઉપયોગ કરે છે, જ્યારે પ્રકૃતિની શક્તિઓ એને બદલો આપે છેઃ આના આધાર પર જ આપણા અનેક જન્મોમાં થતી કોઈ પણ દિશાની પ્રગતિનાં પગથિયાં અવલંબે છે.

કર્મના નિયમનું બીજું પણ એક સાંયોગિક પાસું છે અને એનો આધાર આપણાં કર્મોની આપણા પોતા પરની જ નહિ પણ બીજાઓ પરની અસર છે. આપણે પ્રસારેલી શક્તિઓ અને તેમના પરિણામનું પુનરાગમન સુદ્ધાં માત્ર આપણા પર જ નહિ પણ આપણી આસપાસ રહેલા બધા પર પણ અસર નિપજાવે છે. આથી આપણાં કાર્યોની બીજા પ્રત્યેની ગતિની દિશા, એની તેમના પર થતી અસર અને એ અસરનું આપણાં પોતાનાં જ જીવન અને સ્વરૂપ પર પાછું ફરવું, એ બધું પણ આપણે નજરમાં રાખવાનું છે.

(પુસ્તિકા કર્મ : પૃ. ૩-૪)

*


Sri Aurobindo

# કર્મના નિયમથી મુક્તિ

## ભૂતકાળને ભૂલી જવાનો માર્ગ

લોકો મોટેભાગે ભૂતકાળને ભૂલી જવાનો પ્રયત્ન કરે છે, પરંતુ એમાં સફળતા મળતી હોતી નથી. તમારા જીવનમાં જે સર્વ પાઠ ભણાવવા માટે જે સર્વ વસ્તુઓ બનતી હોય છે તેની ઉપયોગિતા પૂરી થઈ જાય પછી જ એ ભૂતકાળ અદશ્ય થઈ જતો હોય છે.

મને એ વાતની ખાતરી થયેલી છે કે એના હાર્દમાં કર્મ એ એવી સર્વ વસ્તુઓ છે, જેનો ઉપયોગ યોગ્ય રીતે આપણે કર્યો હોતો નથી, જે વસ્તુઓને આપણે આપણી પાછળ ઢસેડતાં હોઈએ છીએ.... પ્રત્યેક ઘટના અને પ્રત્યેક સંજોગ જે પાઠ આપણને શીખવાડવા માગતા હોય છે તે પાઠ સ્પષ્ટતયા અને સંપૂર્ણપણે આપણે શીખી લઈએ ત્યારે એની ઉપયોગિતા પૂરી થઈ જતી હોય છે. અને પછી એ અદશ્ય થઈ જાય છે.

આ અનુભવને અનુસરવો અને એનું નિરીક્ષણ કરવું એ રસદાયી છે.

(The Mother : Conversation with a Disciple Nov 5, 1960)

***

## અતિમાનસ શક્તિ અને કર્મ

અને મેં એ નિહાળ્યું હતું કે નૂતન શક્તિ, અતિમાનસ શક્તિની બાબતમાં... એ એકદમ નૂતન વસ્તુ છે....એવું વિચારવામાં આવતું હતું કે કર્મનાં પરિણામોને રદ કરી દેવાની શક્તિ કોઈનામાં હોતી નથી અને કર્મોની શ્રેણી દ્વારા કર્મોનાં ફળો ભોગવ્યા બાદ જ એનાં પરિણામોનું રૂપાંતર થઈ શકે.... એને રદ કરી દઈ શકાય. પણ હું એ જાણું છું કે અતિમાનસ શક્તિની સહાયથી પ્રક્રિયાનાં સર્વ પગલાંઓ અનુસર્યા સિવાય જ કર્મનાં પરિણામોને રદ કરી દઈ શકાય.

(The Mother : Conversation with a Disciple Nov 20, 1958)

***

## ઈશ્વરકૃપા કર્મનાં બંધનોને કાપી નાખે છે

જ્યાં સુધી માણસ પોતાની ભૂલોનું પુનરાવર્તન કર્યા કરે, ત્યાં સુધી કોઈપણ વસ્તુ નાબૂદ થઈ શકતી નથી, કારણ કે પ્રતિ સેકંડ, માણસ એનું ફરી ફરીને સર્જન કરતો રહે છે. માણસ જ્યારે ભૂલ કરે છે, ગંભીર કે સામાન્ય ભૂલ, ત્યારે એના જીવનમાં એ ભૂલનાં પરિણામો આવે છે. કર્મ જે ભોગવવું પડે છે તે. પરંતુ માણસ જો ઈશ્વર પ્રત્યે વળે, તો ઈશ્વરકૃપામાં એ કર્મનાં પરિણામોને કાપી નાંખવાનું સામર્થ્ય રહેલું છે. પરંતુ આમ થવા માટે એ ભૂલનું પુનરાવર્તન ન જ થવું જોઈએ. માણસે એમ ન વિચારવું જોઈએ કે એ એક જ પ્રકારની મૂર્ખામીઓ અમર્યાદપણે કરે જઈ શકે છે અને ઈશ્વરકૃપા અમર્યાદપણે એનાં પરિણામોને બદ કર્યે જ જશે; એ પ્રમાણે થતું નથી જ! ભૂતકાળને, એની ભવિષ્ય

પર કંઈ જ અસર ન થાય એટલી હદે, શુદ્ધ કરી નાખવો જોઈએ, નિર્મળ કરી દેવો જોઈએ. અને એ પણ આ શરતે કે માણસ ફરીથી એ ભૂતકાળને જ કાયમી વર્તમાનમાં બદલી નહિ નાખે; તમારે જાતે જ તમારી અંદર ઉત્પન્ન થતાં ખરાબ આંદોલનોને અટકાવવાનાં છે, તમારે એ આંદોલનોને અનિશ્ચિતપણે ફરી ફરી ઉત્પન્ન કરવાનાં નથી.(CWM : 9 : 57)

***

ઓહ ! સર્વથી ભયંકર વાત તો એ છે કે જ્યારે વ્યક્તિની અંદર બળ હોતું નથી, હિંમત નથી હોતી, અદમ્ય બળ નથી હોતું. કેટલી બધી વખત લોકો આવીને મને કહેતા હોય છેઃ 'મારે મરી જવું છે. મારે મુક્ત થવું છે, મારે મરી જવું છે.' — હું જણાવું છુંઃ ''તો પછી મરી જાઓ, તમારે પોતાને માટે મરી જાઓ! તમારો અહંકાર ટકાવી રાખો એવું કોઈ તમને કહેતું નથી. તમે મરવા માગો જ છો, તો પછી તમારે પોતાને માટે (અહંને માટે) જીવવાનું છોડી દો. એ પ્રકારની હિંમત કેળવો, સાચી હિંમત રાખો, તમારા અહંભાવને મારી નાખો.''

કારણ એ કર્મનું પરિણામ હોય છે એટલે વ્યક્તિએ પોતે, જાતે જ કંઈક કરવું જોઈએ. કર્મ એ છે અહંકારનું નિર્માણ; અહંકારે જ કંઈક કરવું પડે, અહંકારને માટે સર્વ કંઈ કરી આપવામાં ન આવે. આ જ છે નિરાકરણ, અહંકારનાં કાર્યોનું પરિણામ છે કર્મ. અને અહંકાર ત્યાગ કરે, ત્યારે જ માત્ર કર્મનું પરિણામ ઓગળી જઈ શકે. સાધક અહંકારને આ ત્યાગ કરવામાં સહાય કરી શકે, એને ટેકો આપી શકે, એને બળ અર્પી શકે, એની અંદર હિંમત કેળવી આપી શકે; પણ પછી અહંકારે એ બળ અને હિંમતનો ઉપયોગ કરવો જ પડે! (The Mother : Conversation with a Disciple November 22, 1958)

***

તમારાં કર્મો ઉપર માત્ર પરમ ચેતના જ અસરકારક રીતે કાર્ય કરી શકે અને આ ચેતના છે સ્વતંત્ર, સર્વ માનવ ચેતનાથી પર. (CWM : 15 : 231)

***

**પ્રશ્ન :** આપે અહીં જણાવ્યું છે કે 'આપણે કર્મની સાંકળથી બંધાયેલાં છીએ' પરંતુ અમુક વખત જ્યારે ઈશ્વરકૃપા કાર્ય કરે છે ત્યારે એ કર્મના સિદ્ધાંતની વિરુદ્ધ જાય છે....

**શ્રી માતાજી :** સંપૂર્ણપણે. ઈશ્વરકૃપા સંપૂર્ણપણે કર્મની વિરુદ્ધ જાય છે. તમે જાણો છો? જેમ સૂર્યની ગરમી માખણને ઓગાળી નાંખે છે તેમ કૃપા કર્મને ઓગાળી નાંખે છે, તમારામાં જો સાચા દિલની અભીપ્સા હોય,[(૧)] * અથવા (અને) તમે ઉત્કટ ભાવે પ્રાર્થના કરો, તો તમે તમારી અંદર એવી કોઈ વસ્તુ ઉતારી લાવી શકો છો જે દરેક વસ્તુને બદલી નાંખશે. દરેક વસ્તુને બદલી નાંખશે, દરેક વસ્તુને, સાચે જ એ દરેક વસ્તુને બદલી જ નાંખે છે.

***

(૧) * પાછળથી માતાજીએ જણાવ્યું હતું : મે કહ્યું હતું 'અથવા' પણ મને લાગે છે એ 'અથવા' નથી. ત્યાં અને હોવું જોઈએ, બંને (અભીપ્સા અને પ્રાર્થના) જરૂરી છે. બંનેમાં કોઈ અતિશય સુંદર વસ્તુ રહેલી છે. મહાનમાં મહાન વિનમ્રતા અને મહત્તર સંકલ્પ હોવો જ જોઈએ.

## કૃપા અને કર્મ

આવો પ્રારબ્ધવાદ, જે માનવીના જીવન ઉપર બોજા રૂપ લાગે છે, જેને ભારતમાં કર્મ કહે છે, તે પૂર્વ જન્મોનું પરિણામ છે; ખરેખર તેને ખર્ચી કાઢવું જોઈએ. એ એવી વસ્તુ છે જે માનવીની ચેતના ઉપર બોજારૂપ હોય છે.

આ રીતે વસ્તુઓ બની આવે છે. ચૈત્યપુરુષ એક જીવનમાંથી બીજા જીવનમાં પસાર થાય છે અને પૃથ્વી ઉપરની દરેક જિંદગી માટે આગળ પ્રગતિ કરવા માટે, વધારે વિકાસ માટે તે એક તક બને છે. પરંતુ એમ પણ બની શકે કે ચૈત્યપુરુષ અમુક અનુભવમાંથી પસાર થવા માટે જન્મ ધારણ કરે, કોઈક વસ્તુ શીખવા માટે, અમુક ચોક્કસ અનુભવ મારફતે અમુક શક્તિનો વિકાસ કરવા માટે. પછી તે જીવનમાં જે જીવનમાં તે અનુભવમાંથી પસાર થવાનું હોય તેમાં, એક યા બીજા કારણસર – ઘણાં કારણો પણ હોઈ શકે – આત્મા જે જગાએ બરાબર ઊતરવાનું હોય તે જગાએ ઊતરી શકે નહિ; અમુક પ્રકારની ભૂલને લઈને અમુક પ્રકારનો સ્થળફેર બની આવે, બિલકુલ વિરોધી સંજોગોમાં – એવું બની શકે – અને તેવા પ્રસંગે પુનર્જન્મનો સંપૂર્ણ અર્થ બદલાઈ જાય અને આત્મા વધારે સારી તક માટે આરામની સ્થિતિમાં ચાલ્યો જાય. પરંતુ બીજા પ્રસંગે, આત્માને જે પ્રમાણે કરવાની ઈચ્છા હોય તે પ્રમાણે કરવાની શક્યતા બરાબર ન લાગતી હોય અને પોતાની જાતને અયોગ્ય સંજોગો તરફ ઘસડાઈ ગયેલો જાણે – ફક્ત વસ્તુલક્ષી દૃષ્ટિબિંદુથી અયોગ્ય નહિ, પરંતુ પોતાના વિકાસ માટે અયોગ્ય, અને તેને માટે તે અનુભવ ફરીથી શરૂ કરવાની અને ઘણી વખત તો વધારે મુશ્કેલીભર્યા સંજોગો નીચે આવવાની ફરજ પાડે છે.

અને જો – ગમે તે વસ્તુ બની આવે, તમે સમજો – આ બીજો પ્રયત્ન પણ નિષ્ફળ જાય અને ચૈત્યપુરુષ જે ઈચ્છતો હોય તેના માટે, ફરીને સંજોગો અશક્ય બનાવે, દા.ત. જો તે એવા શરીરમાં હોય જેમાં અપૂરતી સંકલ્પશક્તિ હોય અથવા વિચારોની વિકૃતિ હોય અથવા બહુ સખત અહંકાર હોય અને પ્રયત્ન આપઘાતમાં પરિણમે તો તે વસ્તુ બહુ ભયંકર બને છે. મેં આ વસ્તુ ઘણી વખત જોયેલી છે, તે એક ભયંકર કર્મ ઉત્પન્ન કરે છે. આત્મા વિજેતા બનવા માટે અને તેની જે ઈચ્છા હોય તે પ્રમાણે કરવા શક્તિમાન બને તે પહેલાં તે વસ્તુ એક પછી એક જીવનમાં પુનરાવર્તન પામે છે. અને દરેક વખતે સંજોગો વધારે અને વધારે મુશ્કેલ બને છે, અને દરેક વખતે ઠીક ઠીક વધારે પ્રમાણમાં પ્રયત્નની માગણી કરવામાં આવે છે. કેટલીક વખત એમ પણ કહેવામાં આવ્યું છે કે માણસ તેમાંથી બહાર નીકળી શકતો નથી. ખરેખર, ભૂતકાળની અવચેતનામાં રહેલી સ્મૃતિ મુશ્કેલીઓમાંથી ભાગી છૂટવાની એક અનિવાર્ય કામના ઉત્પન્ન કરે છે, અને માણસ ફરીને તે જ પ્રકારની મૂર્ખાઈ શરૂ કરે છે અથવા તેથી પણ વધારે મૂર્ખાઈ. અને એક મુશ્કેલી ઉપર બીજી મુશ્કેલીનો વધારો થાય છે. બીજું એવી ક્ષણો આવે છે – ક્ષણો અથવા સંજોગો – જ્યારે તમને મદદ આપનાર કે માર્ગદર્શન કરનાર કે સૂચના આપનાર

કોઈ પણ વ્યક્તિ નહિ હોય. તમે એકાકી હશો, અને તમને ખબર પણ નહિ પડે કે શેના ઉપર આધાર રાખવો અને પછીથી પ્રસંગ ખરેખર ભયંકર બની જાય છે અને સંજોગો ઘૃણાસ્પદ બને છે.

પરંતુ જો આત્માએ ફક્ત એક વખત આજીજી કરી હોય, એક વખત તેને પ્રભુકૃપાનો સંપર્ક થયો હોય, તો પછીના જીવનમાં માણસો એવા સંજોગો પ્રાપ્ત કરે છે જેમાં દરેક વસ્તુ એક જ ફટકામાં સાફ થઈ જાય છે. તે ક્ષણે તમારા પોતાની અંદર ખૂબ હિંમત હોવી જોઈએ, જો કે કેટલીક વખત સાચો પ્રેમ પૂરતો હોય છે. અને જો શ્રદ્ધા હોય – થોડી ઘણી પણ, ઘણી ઘણી ઓછી પણ – તો બધું જ સાફ થઈ જાય છે. પરંતુ ઘણાખરા સંજોગોમાં જે વસ્તુની તમારે ખાસ જરૂર હોય છે તે તપસ્વીની હિંમત, સહન કરવાની શક્તિ અને ટકી રહેવાની શક્તિ. એક પ્રતિકાર કરવાની શક્તિ, ખાસ કરીને પહેલાના આપઘાતના પ્રસંગમાં એક પ્રગતિકારક શક્તિ, ફરીને આ મૂર્ખાઈને આચરવાની લાલચ સામે પ્રતિકાર કરવાની શક્તિ – કારણ કે તે ભયંકર રચના બનાવે છે. કેટલીક વખત મુશ્કેલીની સામે ટટાર ઊભા રહીને સામનો કરવાની ટેવ ન હોવાથી તેનો અનુવાદ નાસી છૂટવામાં પરિણમે છે, જ્યારે સહન કરવાનું આવે ત્યારે નાસી જવું, નાસી જવું અને મુશ્કેલીને પચાવી જવી નહિ, ટકી ન રહેવું; પરંતુ તેને બદલે જ્યારે તમને અંદરમાં એવી ભાવના થાય કે, ''હવે તે મારાથી સહન થઈ શકશે નહિ.'' ત્યારે તમારે તેને તાબે થવું નહિ. તમારું મસ્તક જેટલું બને તેટલું સ્થિર રાખો, તે ગતિને અનુસરો નહિ, તે આંદોલનને તાબે ન થશો.

ફક્ત તેની જ જરૂર છે; પ્રભુકૃપામાં વિશ્વાસ, પ્રભુકૃપાનાં દર્શન, અથવા પુકારની તીવ્રતા અથવા તેનાથી પણ વધારે સારું, પ્રત્યુત્તર, પ્રત્યુત્તર, ગ્રંથિનું છૂટવું, તૂટવું, પ્રભુકૃપાના પ્રેમ પ્રત્યે પ્રત્યુત્તર.

એક મજબૂત સંકલ્પશક્તિ સિવાય તે કરવું મુશ્કેલ છે અને સૌથી વધારે તો તેનાથી વધારે અગત્યની વસ્તુ તમારા સમગ્ર જીવન દરમ્યાન જે લાલચ તમને વિનાશકારી બની છે તેના પ્રતિકારનો સામનો કરવો એ વધારે મુશ્કેલ છે, કારણ કે તે વસ્તુએ બળ પ્રાપ્ત કર્યું છે. દરેક પરાજયે તેની તાકાતમાં વધારો કરેલો છે. એક નાનો એવો વિજય તેનું વિસર્જન કરી શકે છે. (શ્રી માતૃવાણી ગ્રંથ ૧૫ : પૃ. ૩૨૨થી ૩૨૪)

*

**બાળક :** આપ અહીં કહો છો કે આપણે 'કર્મની સાંકળમાં જકડાયેલા' છીએ, પરંતુ તો પછી જ્યારે પ્રભુકૃપા કાર્ય કરે છે, ત્યારે વસ્તુ એથી વિરુદ્ધની...

**શ્રી માતાજી :** સંપૂર્ણપણે, ભાગવતકરુણા પૂર્ણપણે કર્મની વિરુદ્ધ કાર્ય કરે છે; એ જાણે માખણને તકડે મૂક્યું હોય તેમ ઓગાળી નાખે છે.

હું હમણાં એ જ વસ્તુ કહેતી હતી. તમે જે મને કહ્યું તે એ જ વસ્તુ કહેવાની બીજી રીત છે. હું મારી જાતને તમારી જગ્યાએ મૂકીને પૂછતી હતી : એ વસ્તુ ત્યાં છે, જો તમારામાં

પૂરતા પ્રમાણમાં દિલની સચ્ચાઈવાળી એક અભીપ્સા હોય છે અથવા એક પૂરતા પ્રમાણમાં ઉત્કટ એવી પ્રાર્થના હોય છે, તો તમે એવી કોઈ વસ્તુનું અવતરણ કરાવી લાવી શકો છો જે સર્વ વસ્તુમાં પરિવર્તન લાવી દે છે, સર્વ વસ્તુઓમાં — સાચેસાચ, એ સર્વ વસ્તુઓનું પરિવર્તન કરી દે છે. એક દાખલો આપી શકાય — જો કે એ અત્યંત મર્યાદિત છે, ખૂબ નાનો છે, પણ જેના વડે તમે વસ્તુઓને સારી રીતે સમજી શકો છો : એક પથ્થર યંત્રવત્ નીચે પડે છે, કહો કે, એક નળિયું પડે છે; જો એ ઢીલું પડી ગયું હોય તો એ પડે જ, નહિ? પરંતુ એમાં પછી એ રસ્તે થઈને જનાર કોઈ વ્યક્તિની પ્રાણમય કે મનોમય નિયતિ દાખલ થઈ જાય અને એ વ્યકિત એને પડવા દેવા માગતી નથી હોતી તો એ વચમાં પોતાનો હાથ ધરી દે છે, એ વસ્તુ એના હાથ ઉપર પડશે, પણ જમીન ઉપર નહિ પડે. એટલે એ વ્યક્તિએ એ પથ્થર અથવા નળિયાની નિયતિમાં પરિવર્તન કર્યું ગણાય. એક બીજી નિયતિ દાખલ થઈ ગઈ છે અને એ પથ્થર કોઈના માથા ઉપર પડવાને બદલે કોઈના હાથમાં પડે છે અને એનાથી કોઈને મારી નાખી શકાશે નહિ. આ એક એક બીજી જ ભૂમિકા ઉપરથી થયેલો હસ્તક્ષેપ છે, એક એવા સચેતન સંકલ્પમાંથી જે ઓછાવત્તા પ્રમાણમાં અચેતન યાંત્રિકતા કહી શકાય તેમાં દાખલ થાય છે.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૫ : પૃ. ૧૮૬થી ૧૮૭)

*

**બાળક :** એટલે કર્મનાં પરિણામો અનિવાર્યપણે કડક હોતાં નથી?

**શ્રી માતાજી :** ના,જરા પણ નહિ. બધા ધર્મોમાં એવા લોકો થઈ ગયા છે કે જેઓએ એ પ્રકારની વાતો કરેલી છે, એમણે અનુલ્લંઘનિય નિયમો આપેલા છે, પરંતુ હું માનું છું કે તેઓ એ રીતે પોતાની જાતને પ્રકૃતિને બદલે મૂકે છે અને દોરી સંચાર કરે છે. લોકોમાં હંમેશાં આ પ્રકારની, પ્રકૃતિનું સ્થાન લેવાની વૃત્તિ હોય છે, જેના વડે તેઓ દોરીસંચાર કરી શકે : એટલે એમને કહેવામાં આવે છેઃ 'તમે જે કાંઈ કરો છો તેનું પરિણામ અનિવાર્યપણે આવે જ છે' .... ઉત્ક્રાંતિની અમુક ક્ષણે, લોકો તદ્દન અચેતન અભાનવાળા ન થઈ જાય તે અને પોતે જે કાંઈ કરતા હોય તેના અચેતન અભાનવાળા ન થઈ જાય તે માટે એવી જાતની માન્યતા જરૂર હોય છે. અત્યારે પણ એ જાતના હોય એવા લોકોનો તોટો નથી; હું ધારું છું કે મોટાભાગના લોકો એવા જ છે; તેઓ પોતાના આવેગને વશ થઈને કાર્ય કરે છે અને એ કાર્ય પોતા માટે કે બીજાઓને માટે કોઈ જાતનું પરિણામ લાવશે કે કેમ તે પૂછવા પણ રહેતા નથી. એટલે તમને કોઈ સીધેસીધું કઠોરપણે કહી દે કે, 'જરા સમાલજો, એ વસ્તુનું પરિણામ બહુ લાંબો સમય ચાલે તેવું આવશે!' અને બીજા કેટલાક લોકો એવા છે જેઓ આવીને તમને કહે છે; 'તમારે એનું ફળ બીજા જન્મમાં ભોગવવું પડશે.' એ વળી પેલી અનેક અધ્ધરતાલ વાર્તાઓ જેવી વાર્તા છે.... પણ કાંઈ હરકત નહિ : આ વસ્તુ પણ લોકોને માટે સારી નીવડી શકે છે. એવા ધર્મો પણ છે, જેમાં તમને કહેવામાં

આવ્યું હોય છે કે 'જો તમે પેલું પાપ કરશો તો, તમે કાયમને માટે નર્કમાં જશો!' એટલે તમે કલ્પના કરો !... એટલે લોકોને આવી બીક લાગે છે કે, કે તેઓ જરા અટકી જાય છે, — એને લઈને પોતાના આવેગને વશ થઈને કાર્ય કરતાં પહેલાં તેઓ એક ક્ષણ માટે વિચાર કરવા અટકી જાય છે — હમેશાં તો નહિ; કેટલીક વાર એમનામાં વિચાર પાછળથી, જરા વધુ પડતો મોડો આવે છે.

આ વસ્તુ અનિવાર્ય નથી. છતાં આ વસ્તુઓ પણ ઓછાવત્તા પ્રમાણમાં ખરા અંતરથી બનાવેલી મનોમય રચનાઓ હોય છે. એ લોકો વસ્તુઓને સ્પષ્ટપણે, આમ, કટકા કરીને દાબી મૂકે છે; તેઓ કહે છે, 'આ કરો અથવા પેલું કરો. જો આમ નહિ હોય તો આવું થશે.' ઓહ ! એ રીતનું જીવન કેવું દુઃખદાયી હોય છે! એટલે લોકો ગાંડા થઈ જાય છે, ભયત્રસ્ત બની જાય છે! 'એ વસ્તુ આવી હશે કે તેવી હશે?' અને એ વસ્તુ આવી કે તેવી ન હોય તો તો લોકોને બહુ ગમે. પણ શું કરવું? એ લોકોએ કેવળ ઊંચે ચઢવાનું હોય છે. એમને દ્વાર ખોલવાની ચાવી આપવી જોઈએ. એ નિસરણીને એક દ્વાર હોય છે અને એને માટે ચાવીની જરૂર પડે છે. અને મેં તમને હમણાં જેમ કહ્યું તેમ, એ ચાવી એટલે કોઈ પૂરતા પ્રમાણમાં સાચદિલીવાળી અભીપ્સા અથવા પૂરતા પ્રમાણમાં તીવ્ર પ્રાર્થના. મેં 'અથવા' શબ્દ વાપર્યો, પરંતુ હું ધારતી નથી કે એમાં કોઈ 'અથવા' જેવું હોય છે. કેટલાક લોકોને એક વસ્તુ વધારે ગમે છે તો બીજાઓને બીજી. પરંતુ બંનેમાં એક જાદૂઈ શક્તિ છે અને એને કઈ રીતે વાપરવી એ તમારે જાણવું જોઈએ.

એ બંનેમાં કોઈ અત્યંત સુંદર વસ્તુ રહેલી છે. હું કો'ક દિવસ એની તમને વાત કરીશ. હું તમને બતાવીશ કે અભીપ્સામાં શું છે અને પ્રાર્થનામાં શું છે અને એ બંને વસ્તુઓ કેમ સુંદર છે... કેટલાક લોકોને પ્રાર્થના ગમતી નથી; તેઓ જો તેમના અંતરમાં ઊંડા ઊતરીને જોશે તો તેમને જણાશે કે તેમનામાં ગર્વ રહેલો છે — એથી પણ ખરાબ, મિથ્યાભિમાન પણ હોય છે. અને પછી એવા લોકો પણ હોય છે જેમનામાં કોઈ અભીપ્સા નથી હોતી, તેઓ પ્રયત્ન કરે છે પણ એ વસ્તુ એમનામાં આવતી નથી; એનું કારણ એ કે તેમનામાં સંકલ્પની જ્યોતિ નથી હોતી, એનું એ પણ કારણ હોય છે કે તેમનામાં નમ્રતાની જ્યોતિ નથી હોતી. બંનેની જરૂર છે. પોતાનું કર્મ બદલવા માટે આપણામાં ખૂબ નમ્રતા અને ખૂબ મહાન સંકલ્પ જોઈએ છે. (શ્રી માતૃવાણી ગ્રંથ ૫ : પૃ. ૧૮૭થી ૧૮૮)

*



કર્મના ચક્રમાંથી નીકળી ભગવાનની દિવ્ય ગતિમાં પ્રવેશ કરવો એ જ યોગસાધનાનો એક માત્ર હેતુ છે. તમે જેમાં અજ્ઞાન ગુલામ અને નિરાધાર તથા દયાજનક કરણરૂપ છો એવી પ્રકૃતિની યાંત્રિક ગતિમાંથી યોગસાધના વડે તમે બહાર નીકળી જાઓ છો, અને ચેતનાની એવી ઊર્ધ્વ ભૂમિકામાં આરોહણ કરો છો કે જેમાં તમે ઉચ્ચતર ભાવિને મૂર્ત કરવામાં એક સજ્ઞાન ભાગીદાર તથા સક્રિય માધ્યમ બનો છો. ચેતનાની એ ગતિ બે પ્રકારનું રૂપ લે છે. પ્રથમ તો તે આરોહણ સાધે છે, એટલે કે સ્થૂલ પાર્થિવ ભૂમિકામાં બદ્ધ થયેલ અવસ્થામાંથી તમે તમારી ચેતનાને મુક્ત કરીને ઊર્ધ્વ ભૂમિકાઓમાં લઈ જાઓ છો. નિમ્ન ચેતનાના એ આરોહણના પ્રત્યુત્તર રૂપે ઊર્ધ્વ ભૂમિકામાં રહેલી દિવ્ય ચેતના નિમ્નમાં અવતરણ કરે છે. જ્યારે તમે પાર્થિવ ભૂમિકાથી પર જાઓ છો ત્યારે ઉપરની ભૂમિકામાંથી પણ તમે કાંઈક સાથે લઈને, થોડી જ્ઞાનજ્યોતિ, યા તો રૂપાંતર કરી શકે એવી શક્તિ, યા તો પાર્થિવ પ્રકૃતિના જૂના સ્વરૂપમાં રૂપાંતર કરવાનું દબાણ કરે એવી કાંઈક શક્તિ લઈને પાછા ફરો છો. ત્યાર પછી તમારામાં એકબીજાથી ભિન્ન, સંબંધ વિનાની, અને જુદી જુદી પ્રકૃતિવાળી ઊર્ધ્વ અને નિમ્ન વસ્તુઓ, એટલે કે તમારી ચેતનાના આંતર અને બહિર્મુખ સ્તર બન્ને એકબીજાને મળે છે, ધીમે ધીમે જોડાઈ જાય છે, એકસૂર થઈ રહે છે અને આખરે ઓગળીને એકરૂપ અને એકરસ થઈ જાય છે.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૩ : પૃ. ૩૩થી ૩૪)

# કર્મના નિયમ પાછળ રહેલું મહત્તર સત્ય

## ઈશ્વરકૃપા અને નિયતિ

બાહ્ય વ્યક્તિતા જ્યાં સુધી અજ્ઞાનગ્રસ્ત હોય છે ત્યાં સુધી જ નિયતિનો કડક કાયદો, માત્ર એ બાહ્ય વ્યક્તિતાને જ લાગુ પડતો હોય છે. આપણે જેને નિયતિ કહીએ છીએ એ વાસ્તવિકતામાં તો આપણી વર્તમાન અવસ્થાનું પરિણામ માત્ર હોય છે; ભૂતકાળમાં આપણી વ્યક્તિતાએ જે પ્રકૃતિ અને શક્તિઓનો સંગ્રહ કર્યો હોય છે તે શક્તિઓ, એકબીજા પર કાર્ય કરીને આપણા વર્તમાન પ્રયત્નો અને તેના ભવિષ્યનાં પરિણામોનું નિર્માણ કરે છે. એ જ છે નિયતિ. પરંતુ માણસ જેવો આધ્યાત્મિક જીવનના માર્ગ પર પ્રવેશ કરે છે કે તુર્ત જ આ જૂની પૂર્વનિર્મિત નિયતિની શક્તિની પીછેહઠ શરૂ થઈ જાય છે. પછી એમાં એક નવું તત્ત્વ ઉમેરાય છે, ઈશ્વરકૃપા, કર્મની શક્તિથી અલગ એવી ઊર્ધ્વ દિવ્ય શક્તિની મદદ એને પ્રાપ્ત થાય છે, જે સાધકને પોતાની પ્રકૃતિની વર્તમાન શક્યતાઓથી ઉપર ઉઠાવી શકે છે. પછી તો ઈશ્વરની પસંદગી એ જ સાધકની નિયતિ બની રહે છે, જે સાધકના ભાવિને સુરક્ષિત કરી દે છે. આમ, માર્ગ પર પ્રવેશ પામ્યા પછી એક માત્ર સંદેહ, તે માર્ગની ચડતીપડતી અને માર્ગ પસાર કરવામાં લાગતા સમય બાબતે જ રહે છે. અને અહીં જ વિરોધી શક્તિઓ ભૂતકાળની પ્રકૃતિ પર અસર કરી પ્રગતિની ઝડપ  અટકાવવા અને છેવટની ચરિતાર્થતાને રોકી રાખવા માટે પ્રયત્નશીલ રહે છે. જેઓનું પતન થાય છે, તે પ્રાણમય શક્તિના હુમલાઓને લીધે થાય છે એમ નથી હોતું; પરંતુ તેઓ પોતાની જાતને વિરોધી શક્તિઓના પક્ષે મૂકી દઈ, આધ્યાત્મિક સિદ્ધિને બદલે પ્રાણની મહત્ત્વાકાંક્ષા, કે ઇચ્છા (મહત્વાકાંક્ષા, મિથ્યાભિમાન, વાસના) સંતોષવવાનું પસંદ કરતા હોય છે માટે થતું હોય છે.

સાધકે હંમેશા એ યાદ રાખવું જોઈએ કે બધી વસ્તુ આંતર વલણ પર આધારિત છે; સાધકને ઈશ્વરકૃપામાં જો સંપૂર્ણ શ્રદ્ધા હશે, તો એને એ અનુભવ થશે કે, દરેક પ્રસંગે ઈશ્વરકૃપા એને યોગ્ય વસ્તુ કરવા જ પ્રેરિત કરશે. પરંતુ આમ થવા માટે, તમારામાં દઢપણે પ્રસ્થાપિત થયેલી શ્રદ્ધા હોવી જોઈએ. જે તમારા સમગ્ર સ્વરૂપમાં વ્યાપ્ત થઈ ગઈ હોય અને તમારી અંદરની કોઈ ક્રિયા દ્વારા એ શ્રદ્ધાનો વિરોધ ન થતો હોય.

(SABCL : 22 : 475)

*

## કૃપા અને વૈશ્વિક શક્તિઓ

એ પ્રશ્ન એવો છે જેનો સ્પષ્ટ જવાબ આપી શકાય એમ નથી, કારણ કે તે બે બાજુઓને રજૂ કરે છે અને એ બંને સત્ય છે. ઈશ્વરની કૃપા સિવાય કંઈ જ થઈ શકે નહિ,

પરંતુ કૃપાને સંપૂર્ણપણે અભિવ્યક્ત થવા દેવા માટે સાધકે પોતાની જાતને તૈયાર કરવી જ જોઈએ. જો બધી જ વસ્તુ ઈશ્વરની દરમિયાનગીરી પર આધારિત હોય તો પછી માણસ એ માત્ર કઠપૂતળી જ છે, અને સાધનાની કોઈ જરૂર રહેતી નથી; વસ્તુઓનો કોઈ નિયમ હોઈ શકે નહિ, અને પરિસ્થિતિઓ પણ ન હોય અને એટલે જ વિશ્વ જેવું પણ કંઈ ન હોય, અને ઈશ્વર માત્ર એના આનંદ ખાતર જગતને ગબડાવ્યે રાખે એવું જ હોય! એમાં બે મત નથી જ કે છેવટે તો બધું જ ઈશ્વરની વૈશ્વિક પ્રક્રિયા જ હોય છે, પરંતુ ઈશ્વર પણ વ્યક્તિઓના માધ્યમ દ્વારા, વૈશ્વિક શક્તિઓ દ્વારા કુદરતના નિયમાનુસાર જ કાર્ય કરે છે.

કૃપાની વિશિષ્ટ દરમિયાનગીરી થઈ શકે, અને હોય છે, પણ બધું જ વિશિષ્ટ દરમિયાનગીરીથી નથી થતું. (SABCL : 23 : 411-412)

*

## પુનરુત્થાન

આપણે માટે પુનરુત્થાન એટલે જૂની ચેતનાનું ખરી પડવું; પરંતુ એ માત્ર પુનર્જન્મ નથી, એ એક એકાએક થતું પરિવર્તન નથી જે અતીતથી તદ્દન અલગ પડી જતું હોય. એમાં અમુક પ્રકારનું સાતત્ય હોય છે : તમારા અતીત જીવનમાંથી નવું જીવન પાંગરવું, તમારી નિમ્ન બાહ્ય પ્રકૃતિમાં પરિવર્તન આણવું, અને એક તદ્દન પુનઃ નવજીવન શરૂ કરવું, — એ બધાંયમાં થઈને સાતત્ય વહે છે. પુનરુત્થાનની અનુભૂતિમાં પુરાતન અસ્તિત્વને ત્યજવાની ગતિવિધિ તેમાંથી એક નવીન ચેતના, એક નવીન બળના ઉદય થવાની સાથે ઘનિષ્ઠ ભાવે સંકળાયયેલી હોય છે. એટલે કે, જે કાંઈ ત્યજી દીધું હોય છે તે પછી આવનારી વસ્તુની સાથે એક નવીન સર્જનની પ્રક્રિયામાં ઉત્તમ રીતે હળીમળી શકે. પુનરુત્થાનનું સાચું મહત્ત્વ એ છે કે અજ્ઞાત ચેતનામાંથી ભાગવત ચેતના જાગ્રત થાય છે. જે અજ્ઞાત ચેતનામાં પોતે નીચે ઊતરી ગઈ હોય છે, ત્યાં ખોવાઈ ગઈ હોય છે, તેમાંથી ફરી એક વાર, મૃત્યુના જગતમાં તેનું અવતરણ, તેની રાત્રિ, તેની ગૂઢતા હોવા છતાંય પોતાને વિશે સચેત બને છે. આપણી ભૌતિક રાત્રિના કરતાં તમિસ્રાનો એ પ્રદેશ વધુ અંધકારવાળો હોય છે. તેમાં ડૂબકી માર્યા પછી તમે જ્યારે ઉપર આવો છો ત્યારે પ્રવેશી ન શકાય તેવી રાત્રિ સ્પષ્ટ થતી તમને સાચેસાચ જણાશે, — જેમ દિવ્ય ચેતનાના સાચા પ્રકાશમાંથી, કોઈ પણ પ્રકારની રહસ્યમયતા વગરના અતિમાનસિક પ્રકાશમાં પાછા ફરો ત્યારે ભૌતિક સૂર્ય કાળો જણાય તેમ. પરંતુ તે પરમ અંધકારના ઊંડાણમાંય પરમ પ્રકાશ છુપાયેલો પડ્યો હોય છે. તે પ્રકાશ અને તે ચેતના તમારામાં જાગો, એક મહાન પુનરુત્થાન થાઓ. (શ્રી માતૃવાણી ગ્રંથ ૩ : પૃ. ૧૬૧)

*


## શારીરિક રૂપાંતર અને કર્મથી મુક્તિ

શારીરિક રૂપાંતર એક પરમ આધ્યાત્મિક પુનર્જન્મ બની રહેશે, સામાન્ય અતીતનું બધું જ ખરી જશે. કારણ કે, આધ્યાત્મિક પુનર્જન્મ એટલે આપણા પહેલાંના સંબંધો અને સંજોગોને નિરંતર ઉતારી દેવા (સાપની જેમ), જાણે કે પ્રત્યેક અક્ષુણ્ણ પળે જીવન નવેસરથી શરૂ કરતા હોઈએ એમ જીવવું, જેને કર્મ કહેવામાં આવે છે, જે આપણા અતીતકાળનાં કાર્યોની એક ધારા છે, તેમાંથી મુક્ત થઈ જવું, — અર્થાત્ પ્રકૃતિની સામાન્ય કારણકાર્યની શૃંખલામાંથી છુટકારો.

ચેતનામાં જ્યારે અતીતકાળનો છેદ ઉડાડવાનું વિજયવિભોર બનીને સિદ્ધ થાય છે, ત્યારે પેલી બધી ભૂલો, ખામીઓ, ત્રુટિઓ અને મૂર્ખામીઓ, જે આપણી સ્મૃતિમાં જળોની માફક લોહી ચૂસતી વળગી રહી હોય છે, જાણે કે ભભૂકી રહી હોય, — તે બધું ખરી પડે છે, અને આપણે આનંદપૂર્ણ મુક્તિ મ્હાણી શકીએ છીએ. આ મુક્તિ માત્ર કલ્પનાની વાત નથી; તે એક અત્યંત નક્કર, વ્યવહારુ, વાસ્તવિક હકીકત છે. આપણે ખરેખર મુક્ત થઈ જઈએ છીએ, આપણને કશું જ બાંધતું નથી, કશું જ ભોળવતું નથી, જવાબદારીની કોઈ બાધા નડતી નથી, જો આપણે ભૂતકાળનો પ્રતિકાર કરવા માગતા હોઈએ, ઉખેડી નાખવા માગતા હોઈએ, કે તેને ઓળંગી જવા ઇચ્છતા હોઈએ, તો તે માત્ર પશ્ચાત્તાપ કે એવી કોઈ બીજી રીતે નહિ થઈ શકે; રૂપાંતરિત ન થયેલો ભૂતકાળ હમેશાં ચાલતો આવ્યો છે તે આપણે ભૂલી જવું જોઈશે. સઘળા પ્રકારનાં બંધનોમાંથી છૂટી જઈને ચેતનાની એક પ્રબુદ્ધ અવસ્થિતિમાં પ્રવેશવું જોઈશે. પુનર્જન્મ પામવું એટલે પ્રથમ તો આપણી ચૈત્ય-ચેતનામાં પ્રવેશવું. ત્યાં આપણે દિવ્યની સાથે એક થઈએ છીએ અને કર્મની પ્રતિક્રિયાઓમાંથી શાશ્વત કાળને માટે મુક્ત થઈએ છીએ. ચૈત્યની જીવતી-જાગતી સૂઝ વગર આમ બની શકે નહિ; પરંતુ એક વાર આપણા સાચા આત્મા વિશે જેવા આપણે નિશ્ચિતપણે સચેત બન્યા — અને એ તો નિરંતર દિવ્યને શરણે જ હોય છે — કે તરત બધું બંધન ખરી પડે છે. પછી સતત ભાવે જીવન નવપલ્લવિત બનીને શરૂ થાય છે, અતીતકાળ આપણને વધુ સમય માટે વળગી રહેતો નથી. આ આધ્યાત્મિક પુનર્જન્મની પરાકાષ્ઠાનો ખ્યાલ આપવા માટે હું તમને કહી શકું કે, આખાય વિશ્વની પળેપળે અનુભૂતિ થતી રહે છે, — પ્રત્યેક પળે સાચેસાચ અદૃશ્ય થતી અને પ્રત્યેક પળે નવસર્જન પામતી ! (શ્રી માતૃવાણી ગ્રંથ ૩ : પૃ. ૧૮૯-૧૯૦)

*





સાચું કહીએ તો અત્યારે જ પૃથ્વી ઉપર એક તક છે જે હજારો વર્ષો પછીથી પોતાની જાતને હાજર કરે છે. એક જરૂરી શક્તિ સાથેની સચેતન મદદ મળે છે. એક વખત એમ મનાતું કે કર્મનાં ફળોને ભૂંસી નાખવા માટે કોઈ પણ વસ્તુમાં શક્તિ નથી; કર્મોને શુદ્ધ કરાતા કર્મોની હારમાળા મારફતે જ તેમને ખલાસ કરી શકાય છે, અને કર્મના ફળોનું રૂપાંતર થઈ શકે, ખર્ચાઈ જાય અથવા સફાઈ થઈ જાય. પરંતુ અતિમાનસ શક્તિથી મુક્તિની પ્રક્રિયાના આ બધાં પગલાંઓ મારફતે જવાની જરૂર વગર પણ તે બની શકશે.

**શ્રી માતાજી**

(શ્રી માતૃવાણી ગ્રંથ ૧૫ : પૃ. ૩૨૫)

# વૃત્ત વિશેષ

**શ્રી ધ્રુમાનભાઈ શતાબ્દી સ્મારક વ્યાખ્યાન માળા : ૧૫મા મણકાનો કાર્યક્રમ : ૧૯ જૂન ૨૦૨૧**

ચરોતર એજ્યુકેશન સોસાયટી, આણંદની શ્રી ડી.એન. હાઈસ્કૂલ તથા કસ્તુરબા કન્યા વિદ્યાલયના સંયુક્ત ઉપક્રમે ઉપર્યુક્ત વ્યાખ્યાનમાળાનું વ્યાખ્યાન પ્રો. ડૉ. સૂર્યકાન્ત વૈષ્ણવે રજૂ કર્યું હતું. વક્તવ્યનો વિષય હતોઃ 'મહર્ષિ શ્રી અરવિન્દના પ્રકાશમાં શ્રીમદ્ ભગવદ્ગીતા' વક્તવ્ય અગાઉ વ્યાખ્યાનમાળાના સંયોજક શ્રી ભાલેન્દુવૈષ્ણવે વક્તાનો પરિચય આપ્યો હતો તથા પ્રાસ્તાવિક સંબોધન કર્યું હતું. કાર્યક્રમનો આરંભ અધ્યાપિકા શ્રીમતી નૈમિષા વકીલની પ્રાર્થનાથી થયો હતો. કાર્યક્રમના અધ્યક્ષસ્થાને ચરોતર એજ્યુકેશન સોસાયટીના શ્રી મહેશ પટેલ હતા.

આ પ્રસંગે બંને શાળાઓના અમુક શિક્ષકો અને કર્મચારીઓની પ્રગતિ અને કાર્યસિદ્ધિઓ માટે પારિતોષિકો એનાયત કરવામાં આવ્યાં હતાં. સર્વેએ શાળાના વિદ્યાર્થી અને શિક્ષક શ્રીધ્રુમાનજીને સ્મરણાંજલિઓ અર્પી શ્રી અરવિન્દ આશ્રમમાં એમણે કરેલા કાર્યની પ્રશંસા કરી હતી. કાર્યક્રમનું સંચાલન શ્રીમતી નૈમિષાબેને કર્યું હતું. આભારદર્શન શ્રીમતી ચારુલતાબેન પારેખે કર્યું હતું. છેવટે વંદેમાતરમનું ગાન તથા શ્રી માતાજીના ઑર્ગન મ્યુઝીક સહિત ધ્યાનનો કાર્યક્રમ થયો હતો.

*

તા. ૨૯ સપ્ટેમ્બર ૨૦૨૧ના રોજ શ્રી અરવિન્દ નિવાસ પ્રાપ્તિની સુવર્ણજયંતી (૩૦-૦૯-૧૯૭૧ – ૩૦-૦૯-૨૦૨૧) નિમિત્તે નિવાસની પ્રાચીન દુર્લભ તસ્વીરો તથા હાલના નિવાસની તસ્વીરોનું પ્રદર્શન શ્રી અરવિન્દ નિવાસમાં યોજવામાં આવ્યું હતું. આ દિવસે મુખ્ય ધ્યાનખંડમાં પ્રાર્થનાઓ અને ધ્યાન પુસ્તકનું વાંચન કરવામાં આવ્યું, વાંચનમાં ઉમળકાભેર ઘણા ભક્તોએ ભાગ લીધો. આ દિવસે નેશન પ્લસ ન્યુઝ ચેનલ દ્વારા 'વડોદરામાં શ્રી અરવિન્દ' વિષયક પરિસંવાદનો કાર્યક્રમ પ્રસારિત કરવામાં આવ્યો હતો. જેમાં શ્રી નરેન્દ્ર પટેલ અને શ્રી નીલકંઠ જોશીએ ભાગ લીધો હતો.

link : https:// youtube/SVLR7YJV4QQ

*

શ્રી અરવિન્દની ૧૫૦મી જન્મજયંતીની ઉજવણી નિમિત્તે તા. ૫ સપ્ટેમ્બર ૨૦૨૧ના રોજ ૐ પુરિમાં એક યુવાશિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. શિબિરમાં વડોદરા, નવસારી, વલ્લભવિદ્યાનગર, સાવલી, નડિયાદ, અમદાવાદ, ખંભાત અને ખેડાની કૉલેજના ૪૫ જેટલા યુવક-યુવતીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. શ્રી અરવિન્દ

સાધના કેન્દ્ર વિદ્યાનગર અને શ્રી અરવિન્દ મેમોરિયલ ટ્રસ્ટ વડોદરાના સંયુક્ત ઉપક્રમે આયોજિત આ શિબિરનું સંચાલન શ્રી નિમેષ જોષીએ કર્યું હતું. શ્રી અરવિન્દના જીવન અને કથન વિશે શ્રી નરેન્દ્ર પટેલ, શ્રીશૌર્ય બ્રહ્મભટ્ટ અને શ્રી દિલીપ મહેતાએ વક્તવ્યો રજૂ કર્યાં હતાં. આ પ્રસંગે શ્રી અરવિન્દ આશ્રમ પોંડિચેરીના કલાકારોના ચિત્રોનું પ્રદર્શન પણ મૂકવામાં આવ્યું હતું. પ્રારંભમાં ૐ પુરિના મહામંદિરમાં સમૂહ પ્રાર્થના-ધ્યાન બાદ શ્રી નરેન્દ્ર પટેલે ૐ પુરિ વિશે શિબિરાર્થીઓને માહિતી આપી હતી.

બપોર પછીની બેઠકમાં શ્રી અરવિન્દ આશ્રમ, રાષ્ટ્રવાદી શ્રી અરવિન્દ વિષયક રજૂઆત તથા વ્યક્તિગત પ્રશ્નોની સામૂહિક ચર્ચા થઈ હતી. શ્રી અરવિન્દના જીવન પ્રસંગો ઉપર આધારિત એક પ્રશ્નોત્તરી પણ રજૂ કરવામાં આવી હતી. શ્રી ઉત્પલ ગણાત્રા અને શ્રી જગદીશભાઈએ શ્રી અરવિન્દ આશ્રમની એમની રસપ્રદ મુલાકાત વિશેના અનુભવો રજૂ કર્યા હતા. સાંજે ૫.૩૦ કલાકે વંદે માતરમ્ સમૂહગાન સાથે શિબિરની પૂર્ણાહુતિ કરવામાં આવી. ૐ પુરિના રમણીય, ચેતનાસભર વાતાવરણમાં યુવા-શિબર યાદગાર બની રહી.

*

શ્રી અરવિન્દની ૧૫૦મી જન્મજયંતી વર્ષ નિમિત્તે શ્રી અરવિન્દ મેમોરીયલ ટ્રસ્ટ તથા શ્રી અરવિન્દ સોસાયટી, વડોદરા દ્વારા એક દિવસની શિબિરનું આયોજન તા. ૧૯ ઑગસ્ટ ૨૦૨૧ના રોજ શ્રી અરવિન્દ યોગકેન્દ્ર જંત્રાલ જિ. પંચમહાલ મુકામે કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં શ્રી અરવિન્દ આશ્રમ પોંડિચેરીના ગુજરાતના વરિષ્ઠ સાધકો શ્રી ચંપકલાલ, શ્રીદ્યુમાન, શ્રી અંબુભાઈ પુરાણી, શ્રી સુન્દરમ્ અને શ્રી પૂજાલાલનાં જીવન અને સાધના વિશેનાં વક્તવ્યો અનુક્રમે શ્રી નરેન્દ્ર પટેલ, શ્રી દિલીપ મહેતા, શ્રીશૌર્ય બ્રહ્મભટ્ટ અને શ્રી નીલકંઠ જોશીએ રજૂ કર્યાં હતાં. શ્રી શરદભાઈ જોશીએ કાર્યક્રમની શરૂઆતમાં પ્રાસંગિક ઉદ્બોધન કર્યું હતું. દરેક સાધકોના અવાજનું રેકોર્ડીંગ પણ સાંભળવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન શ્રી કલ્પનભાઈએ કર્યું હતું. ગુજરાતભરના ૬૦ ભક્તોએ શિબિરમાં હાજરી આપી હતી. જંત્રાલ યોગકેન્દ્રના પરિસરના રમણીય, વરસાદી વાતાવરણમાં શિબિર સાંજે ૬.૦૦ કલાકે સંપન્ન થયો હતો. સ્મિતાબેન ભટ્ટે ખૂબ સુંદર વ્યવસ્થા કરી હતી. (અહેવાલ : શ્રી નરેન્દ્ર પટેલ)

*

**નવું પ્રકાશન :** *વિરલ પંખી.* (શ્રી અરવિન્દાશ્રમ - પોંડિચેરીના સાધક શ્રી મનસુખભાઈ જોશીનો સંક્ષિપ્ત જીવન-પરિચય)

**સંપાદન : રાજેન્દ્ર દવે. પ્રકાશક : માયા** Maharshi Arvind Youth Association Rajkot - Pondicherry. ૧/૧૬ ક્રાઉન સાઈઝ : પૃષ્ઠ : ૪૮ રંગબેરંગી મુખપૃષ્ઠ ઉપર શ્રી અરવિન્દ આશ્રમ પ્રવેશદ્વાર પર શ્રી મનસુખભાઈની નયનરમ્ય છબી. પુસ્તકમાં

ચાર માહિતીસભર લેખમાં શ્રી મનસુખભાઈ જોશીના સમર્પિત જીવનની સુંદર ઝાંખી કરાવવામાં આવી છે. શ્રી મનસુખભાઈ જોશીના આશ્રમજીવનની ઝાંખી કરાવતી સુંદર છબીઓ પણ પુસ્તકમાં સમાવાયેલી છે. વધુ વિગત માટે સંપર્ક : શ્રી રાજેન્દ્ર દવે. મો. ૯૯૦૪૦૨૫૫૮૫.

*

**સાભાર સ્વીકાર :** (૧) **વૈભવનો વારસો** (મંજૂષામાં ભર્યા હતા જરીકસબના લીરા) *નિર્મિતી* (જયા કાપડિયા)ના પરિવારનું નજરાણું. પ્રકાશક : બીજલ પ્રકાશન, ૧૦૩, યોગીસૃષ્ટિ ઍપાર્ટમેન્ટ, ઐશ્વર્ય ફ્લેટ્સ સામે, વહાણવટી માતાના મંદિર પાસે, ઓઢવપુરા રોડ, ઈલોરા પાર્ક, વડોદરા-૩૯૦ ૦૨૩. મો. ૯૭૨૬૦ ૬૮૪૪૭. ૧/૮ ડેમી સાઈઝ. પૃષ્ઠ સંખ્યા ૯૧+૯=૧૦૦ ઊંચી ગુણવત્તાવાળા કાગળ ઉપર સુંદર ડિઝાઈન સહિત જયા કાપડિયાનાં ૯૧ કાવ્યોની સુંદર રજૂઆત. આકર્ષક મુખપૃષ્ઠ, સુઘડ બાંધણી. સિતાંશુભાઈએ જયાબહેનની કવિતાઓ વાંચી અને એમને એ પ્રકટ કરવા યોગ્ય લાગી એટલે સુષ્મા વિજય દોશીના પરિવારે બીજલ પ્રકાશનના માધ્યમથી પ્રકાશિત કરી છે. પુસ્તકની કિંમત છે રૂા. ૧૫૦=૦૦. **પુસ્તક પ્રાપ્તિસ્થાન** Swati L. Kapadia (Solicitor) 3/11, Sneha Sadan Road, No. 4114 Churchgate Reclamation, Mumbai - 400 020 અને ગ્રંથ વિહાર, ગુ.સા.પરિષદ. મો. ૯૮૯૮૭ ૬૨૨૬૩.

*

(૨) **મુક્તાત્માજીવાત્માસંવાદ :** *કાર્તિકેય ભટ્ટ.* પ્રકાશક : શ્રી શ્રીમા આનંદમયી આશ્રમ, શ્રી શ્રીમા આનંદમયી માર્ગ, ભીમપુરા, ચાણોદ, તા. ડભોઈ, જિ. વડોદરા, પીન-૩૯૧૧૦૫. ૧/૮ ડેમીસાઈઝ, પૃષ્ઠ સંખ્યા ૨૩૫+૧૨=૨૪૭. સારા કાગળ પર સુંદર છાપકામ. રંગબેરંગી સુંદર આવરણ. સુઘડ બાંધણી. મૂલ્ય રૂા. ૨૦૦=૦૦.

લેખકે અંતઃપ્રેરણાથી મુક્તાત્મા જીવાત્મા સંવાદમાં શ્રીરામકૃષ્ણ પરમહંસ, શ્રીરંગ અવધૂત, શ્રી રમણમહર્ષિ, શ્રી વિમલાબહેન ઠકાર, યોગીશ્રી કૃષ્ણપ્રેમ, શ્રી માતાજી (પોંડિચેરી શ્રી અરવિન્દ આશ્રમનાં અધિષ્ઠાત્રી) ના જીવાત્માઓ સાથે થયેલા અધ્યાત્મલક્ષી સંવાદો તેમ જ શ્રી કૃષ્ણ અને ઉદ્ધવજી, શ્રી અષ્ટાવક્ર મુનિ અને જનકરાજા, ઉપનિષદના દૃષ્ટા ઋષિઓ અને શિષ્યો, શ્રી હરિઃ ૐ મોટા અને પ્રા. એ.જી. ભટ્ટ, શ્રી શ્રીમા આનંદમયી મા અને ભક્તો તથા શ્રી દાદાજી ગાવંડ અને વિદેશી જિજ્ઞાસુઓ વચ્ચે થયેલા જ્ઞાન-સંવાદની વિગતોની અતિ સુંદર રજૂઆત આ પુસ્તકમાં કરી છે. સાથેસાથે સંવાદને વિસ્તૃત રીતે સ્પષ્ટ કરવાનો સફળ પ્રયાસ પણ શ્રી કાર્તિકેયભાઈએ કર્યો છે. પુસ્તક શ્રી માતૃત્રયી (૧) શ્રી મીરામ્બા (૨) શ્રી શ્રીમા આનંદમયી ને (૩) શ્રી વિમલાબહેન ઠકારને અર્પણ કરવામાં આવ્યું છે. વાંચવાલાયક પુસ્તક. પુસ્તક રચનામાં જે જે પુસ્તકો ને અનુવાદકો તથા ભાષ્યકારોની રચનાઓની સહાય લેખકે લીધી છે તેની વિસ્તૃત

માહિતી પણ તેઓશ્રીએ આપી છે. આવું અતિ ઉપયોગી સંકલન સમાજને અર્પણ કરનાર શ્રી કાર્તિકેયભાઈ ભટ્ટ આપણા સર્વના અભિનંદનના અધિકારી બન્યા છે. પ્રકાશક તેમ જ શ્રી શ્રીમા આનંદમયી નામસ્મરણ-સ્થલી, મા આનંદમયી માર્ગ, આનંદનગર ચાર રસ્તા, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૮૨૪૧૬૨૭૫૭ પાસેથી પુસ્તક મેળવી શકાશે.

*

(૩) **ભગવદ્ ગીતા અને શ્રી રંગમસ્તી. પ્રવક્તા : ડૉ નીતિન જે. વ્યાસ** પ્રકાશક : ડૉ. ઈન્દુભાઈ દવે, શ્રીરંગ સેવાસદન, નારેશ્વર, વાયા અંકલેશ્વર, જિ. વડોદરા. ૧/૮ ડેમી સાઈઝ, પૃષ્ઠ સંખ્યા : ૧૫૦. મેપલીથો કાગળ ઉપર સુંદર છાપકામ, રંગબેરંગી આવરણ ચિત્ર : શ્રી રંગઅવધૂત મહારાજની સારથિ તરીકેની અદભુત છબી. મૂલ્ય રૂા. ૧૨૦/-. વર્ષ ૨૦૦૩ના ઑક્ટોબર મહિનામાં શ્રીરંગ સેવાસદન નારેશ્વર મુકામે 'ભગવદ્ ગીતા અને શ્રી રંગઅવધૂત મહારાજ' વિષયક જ્ઞાનશિબિરનું આયોજન થયું હતું. ત્યારે શિબિરમાં પોતે રજૂ કરેલાં વક્તવ્યોનું સંપાદન કરી વક્તવ્યોમાં રજૂ થયેલ વિચારતંતુનો વ્યવસ્થિત રીતે વિસ્તાર કરી ડૉ. શ્રી નીતિન વ્યાસે આ ગ્રંથ તૈયાર કર્યો છે. ભગવદ્ ગીતા શ્રી રંગ અવધૂત મહારાજે જે રીતે સમજાવી છે તે સાચે જ અનુપમ છે. ડૉ. શ્રી નીતિન વ્યાસ, તત્ત્વજ્ઞાનના વિદ્યાર્થી અને શિક્ષક સાથે અધ્યાત્મજ્ઞાનના અભીપ્સુ પણ રહ્યા છે. આશા છે અધ્યાત્મને ઝંખતા સર્વ સાધકોને આ પુસ્તકવાચન યોગ્ય માર્ગદર્શન અવશ્ય પૂરું પાડશે. પુસ્તકપ્રાપ્તિ અર્થે પ્રકાશકનો સંપર્ક કરવો.

*

**નવું પ્રકાશન :** શ્રી અરવિન્દ રચિત ગ્રંથ **The Life Divine** - નો સમૂહ અભ્યાસ : મૂળ અંગ્રેજી : શ્રદ્ધાવાન : ગુજરાતી અનુવાદ : કિરીટ ઠક્કર, પ્રકાશક : યોગયુક્તા પ્રકાશન, ઈ-૧૦૨, ચંદ્રનગર કૉલોની, સુવર્ણ લક્ષ્મી ઍપાર્ટમેન્ટ પાસે, વાઘોડિયા રોડ, વડોદરા-૩૯૦ ૦૧૯. મો. ૯૪૨૭૫૪૦૧૯૫. સાવિત્રી ભવન મુકામે શ્રી શ્રદ્ધાવાન દ્વારા સંચાલિત વર્ગોમાંનાં ગ્રંથ ૧ નાં પ્રથમ સાત પ્રકરણોના વિવરણોનો સમાવેશ આ પુસ્તકમાં થયો છે. CWSA : 21 ના પ્રથમ ૬૫ પેજ (૭ પ્રકરણો) નો સમૂહ અભ્યાસ મૂળ અંગ્રેજી-ગુજરાતી પાઠ સાથે કુલ ૪૫૦ પૃષ્ઠોમાં પ્રસિદ્ધ થયો છે. પ્રત્યેક પ્રકરણને મથાળે રજૂ થયેલ શ્લોકોનું શ્રી એમ.પી. પંડિતે કરેલું વિસ્તૃત વર્ણન, શ્રદ્ધાવાનની સમજૂતી તથા વર્ગોમાં રજૂ થયેલા પ્રશ્નોના વિશદ ઉત્તરો સહિતનું આ પુસ્તક વાચકને અવશ્ય સહાયરૂપ થશે એવી આશા છે. સારા મેપલીથો કાગળ ઉપર, સુંદર છાપકામ, આકર્ષક કવર અને સુઘડ બાંધણી. મૂલ્ય રૂા. ૩૦૦=૦૦. ૫ કે તેથી વધુ પુસ્તકો મંગાવનારને યોગ્ય વળતર ચૂકવવામાં આવશે. વધુ વિગતો માટે પ્રકાશકનો સંપર્ક કરો.


*

# સભ્યો / ગ્રાહકોને સૂચનો

૧. 'પ્રભુ અર્પણ' - સામાન્યતઃ દર મહિનાની પાંચમી તારીખે પ્રસિદ્ધ થાય છે.
૨. અંક ચોકસાઈથી ટપાલ દ્વારા રવાના કરાય છે. છતાં ટપાલમાં ગેરવલ્લે જાય અને અંક તા. ૨૦ સુધીમાં ન મળે તો પોતાના વિભાગની પોસ્ટ ઓફિસને ફરિયાદ કરી તેની નકલ અત્રે મોકલવી. બને ત્યાં સુધી બીજી નકલ મોકલવામાં આવશે.
૩. સરનામું બદલાયાની સૂચના ૧૫ તારીખ પહેલાં પોતાના સભ્ય/ગ્રાહક નંબર સાથે આપવી.
૪. સંસ્થા સાથે મેગેઝીનને લગતા પત્રવ્યવહારમાં આપનો સભ્ય/ગ્રાહક નંબર આપવો જરૂરી છે.
૫. શ્રી અરવિન્દ સોસાયટીની વાર્ષિક સભ્ય ફી (અ.ભા.પ માસિક સાથે)

| | | | |
|---|---|---|---|
| ૧ વર્ષ | રૂા. ૨૦૦/- | ૧૦ વર્ષ | રૂા. ૪૦૦૦/-(ડોનર મેમ્બર) |
| ૩ વર્ષ | રૂા. ૫૮૦/- | ૨૦ વર્ષ | રૂા. ૨૫,૦૦૦(કોર્પોરેટ મેમ્બર) |
| ૫ વર્ષ | રૂા. ૯૬૦/- | | |

૬. ભારતમાં 'પ્રભુ અર્પણ'નું ફક્ત ગ્રાહક (સભ્યપદ વગર) તરીકેનું વાર્ષિક લવાજમ રૂા. ૨૦૦/- છે.
૭. ગમે તે માસથી સભ્ય/ગ્રાહક થઈ શકાય છે. એક વર્ષથી ઓછી મુદત માટે સભ્ય/ગ્રાહક નોંધવામાં આવતા નથી.
૮. નવા સભ્ય/ગ્રાહકે લવાજમ મોકલતી વખતે ''નવા સભ્ય/ગ્રાહક છે,'' એમ લખવું.
૯. નવા અથવા જૂના સભ્યો/ગ્રાહકો પોતાનું લવાજમ પોતાના સભ્ય/ગ્રાહક નંબર સાથે રૂબરૂમાં અથવા મની ઓર્ડરથી અથવા બેન્ક ડ્રાફટથી ''શ્રી અરવિન્દ સોસાયટી'' ના નામથી ભરી શકે છે. જો ચેકથી લવાજમ ભરવાનું હોય તો વાર્ષિક લવાજમ ઉપરાંત વધારાની રકમ રૂા. ૨૦/- ઉમેરી ચેક લખવો.
૧૦. લવાજમ વસુલ કરવા માટે અંક વી.પી. થી મોકલાતો નથી.
૧૧. વ્યવસ્થા અંગેનો સર્વ પત્ર વ્યવહાર :
વ્યવસ્થાપક, 'પ્રભુ અર્પણ'-રવાનગી વિભાગ, શ્રી અરવિન્દ સોસાયટી, વડોદરા શાખાના નામથી કરવો.
૧૨. જે સભ્યોનું લવાજમ પૂરું થઈ ગયું હોય તેઓએ પોતાનું લવાજમ તુર્ત મોકલી આપવું. જે કવરમાં આપને 'પ્રભુ અર્પણ' મળે છે તેની ઉપર, આપના સભ્યપદ નંબર પછી ૧, ૪, ૭, વિ. અંક દર્શાવેલા હોય છે, તે કયા માસમાં આપનું લવાજમ પૂરું થાય છે તે દર્શાવે છે. લવાજમ પૂરું થયાની સૂચના વ્યક્તિગત રીતે આપવામાં આવતી નથી.


History seldom records
what happens behind the veil.
SRI AUROBINDO
A New Dawn
For details, visit: www.anewdawn.in
An offering by Sri Aurobindo Society for
the 150th birth anniversary of Sri Aurobindo
An animation film is in the making …
JOIN HANDS TO MAKE THIS FILM
DONATE NOW!
A Film that brings out the
forgotten chapter of India's awakening.

આપણી પ્રકૃતિએ પોતાનામાં વૈશ્વિક શક્તિને વસાવવાની તો છે જ પણ તે તેના નિમ્ન સ્વરૂપમાં કે રાજસિક કે સાત્ત્વિક પ્રવૃત્તિઓમાં નહિ; તેણે વિશ્વવ્યાપી સંકલ્પ-શક્તિનું કામ કરવાનું તો છે જ પણ એક મહાન મુક્તિદાયક જ્ઞાનના પ્રકાશમાં. કરણની પોતાની નિષ્ઠામાં પણ ક્યાંય કોઈ જાતનો અહમ્ભાવ ના રહેવો જોઈએ, — આપણી અંદર કાર્ય કરતી પરમ શક્તિ કેવી તો મહાન છે એ પૂરેપૂરું જાણતા હોઈએ ત્યારે પણ નહિ. દરેકે દરેક માણસ; જાણ્યે કે અજાણ્યે, એક વિશ્વવ્યાપી શક્તિનું કરણ છે; અને અંદર વસતા અંતર્યામીને બાદ કરતાં, કર્મે કર્મે કે કરણે કરણે એવો કોઈ જ તાત્ત્વિક ભેદ નથી કે જેથી અહંકારભર્યું અભિમાન કરવાની મૂર્ખાઈને અવકાશ મળે. અજ્ઞાની રહેવું કે જ્ઞાની થવું એ પરમાત્માની કૃપાની વાત છે; દિવ્ય શક્તિ પોતાની બંસી પોતાની મરજી થાય ત્યાં બજાવે છે; પોતાના સ્વર કે શક્તિથી આજે આને તો કાલે તેને ભરી દે છે. ઘડાનો ઘડનાર એક ઘડાને બીજાના કરતાં વધારે સુંદર ઘડે તો તેમાં ઘડાની નહિ પણ ઘડનારની ખૂબી છે. ''આ બળ તો મારું છે,'' અથવા ''જુઓ, મારી અંદર પ્રભુની કેટલી શક્તિ છે.!'' એમ આપણું મન કહી શકે નહિ. એ તો એમ જ કહી શકે:

''પ્રભુની દિવ્ય શક્તિ આ મન અને શરીરમાં કાર્ય કરી રહી છે, અને એ જ કાર્ય કરી રહી છે સર્વે મનુષ્યોમાં અને પ્રાણીઓમાં, વનસ્પતિમાં અને પથ્થરમાં, સચેતન અને સજીવન વસ્તુઓમાં તો અચેતન અને જડ લાગતી વસ્તુઓમાં પણ.''

શ્રી અરવિન્દ

(યોગમાર્ગોનો સમન્વય : ૧ : ૨૮૯)

Published on 5th of Every Month
Posted on 10th of Every Month at Vadodara HO
(વર્ષ ૦૭ : અંક ૧૨)

RNI NO GUJGUJ/2015/60353
RNP/VDR(E)338/2020-21
VALID UP TO 31/12/2023

વાર્ષિક લવાજમ ₹ ૨૦૦ - છૂટક અંક : ₹ ૨૦ (તા. ૧-૦૪-૨૦૨૧ થી)

શ્રી અરવિન્દ સોસાયટી, પોંડિચેરીની માસિક પત્રિકા
છૂટક અંકની કિંમત ₹ ૨૦
વાર્ષિક લવાજમ ભારતમાં ₹ ૨૦૦
વિદેશ માટે-હવાઈ માર્ગે
અમેરિકન ડોલર ૨૫ વાર્ષિક

© શ્રી અરવિન્દ આશ્રમ ટ્રસ્ટ, પોંડિચેરી-૬૦૫ ૦૦૨

પ્રકાશક :

શ્રી શરદચંદ્ર એમ. જોશી, અધ્યક્ષ,
શ્રી અરવિન્દ સોસાયટી, શ્રી અરવિન્દ નિવાસ,
દાંડિયા બજાર, વડોદરા-૩૯૦ ૦૦૧
ફોન નં. (૦૨૬૫) ૨૪૧૨૬૮૫
E-mail : sasvadodara@aurosociety.org
વેબસાઈટ : www.auronivas.org

*

મુદ્રણસ્થાન : કૈલાસ પ્રિન્ટરી, ડી-૧૨, સરદાર એસ્ટેટ,
આજવા રોડ, વડોદરા. ફોન નં. ૨૫૧૩૪૭૩ મો.૯૮૭૯૦૦૬૦૯૦
E-mail : vishal6090@gmail.com

*

તંત્રી : શ્રી કિરીટકુમાર ઇન્દ્રવદન ઠક્કર

Published and Printed by Shri Sharadchandra M. Joshi,
on behalf of Sri Aurobindo Society, Vadodara
Published at Sri Aurobindo Nivas, Dandia Bazar, Vadodara-390001.
Printed at Kailas Printery D/12, Sardar Estate, Ajwa Road, Vadodara.
Editor : Shri Kiritkumar Indravadan Thakkar.